dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-08 | Issue-68 | AD-2024, Magashirsha Sud -11 | Wednesday, Dt.11-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### તૃણમૂલ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને સમાજવાદી પાર્ટી સહિત વિરોધ પક્ષોના સામૂહિક હસ્તાક્ષર

# રાજયસભાના અધ્યક્ષ જગદીપ ધનખર વિરૂધ્ધ વિપક્ષનો અવિશ્વાસ પ્રસ્તાવ

નવીદિલ્હી,તા.૧૦

રાજ્યસભામાં અધ્યક્ષ જગદીપ ધનખર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે. ઉપલા ગૃહમાં વિપક્ષે આ અંગે નોટિસ આપી છે. વિરોધ પક્ષોએ મંગળવારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવા માટે કલમ ૬૭ બી હેઠળ નોટિસ આપી હતી. તૃણમૂલ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને સમાજવાદી પાર્ટી સહિતના વિરોધ પક્ષોએ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પર સામૂહિક રીતે હસ્તાક્ષર કર્યા છે, આ નોટિસ રાજ્યસભાના મહાસચિવ પીસી મોદીને સોંપવામાં આવી છે. આ પહેલા અધ્યક્ષ જગદીપ ધનખર અને વિરોધ પક્ષોના નેતાઓ વચ્ચેનો મુકાબલો સોમવારે ચરમસીમાએ પહોંચી ગયો હતો. આ મુકાબલા બાદ વિપક્ષે ધનખરને તેમના કાર્યકાળમાંથી હટાવવા માટે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાનો નિર્ણય કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ, રાજદ, ટીએમસી, સીપીઆઈ, સીપીઆઈ એમ, જેએમએમ, આપ, ડીએમકે સહિત લગભગ ૬૦ વિપક્ષી સાંસદોએ નોટિસ પર હસ્તાક્ષર કર્યા છે. કોંગ્રેસની આગેવાનીમાં આ નોટિસ વિરોધ પક્ષો અને રાજ્યસભાના અધ્યક્ષ વચ્ચે ચાલી રહેલી મડાગાંઠના પગલે આવી છે. ઉપરાષ્ટ્રપતિને હટાવવાનો પ્રસ્તાવ લાવવા માટે જરૂરી ન્યૂનતમ સંખ્યા ૫૦ છે.

વાસ્તવમાં વિપક્ષ ઘણા મુદ્દાઓ પર ધનખરથી નારાજ છે. આમાં તાજેતરનો મામલો એ છે કે તેમણે ઉપલા ગૃહમાં સત્તાધારી પક્ષના સભ્યોને કોંગ્રેસ-સોરોસ સંબંધનો મુદ્દો ઉઠાવવાની છૂટ આપી હતી. કોંગ્રેસના સાંસદ દિગ્વિજય સિંહે રાજ્યસભા અધ્યક્ષ પર પક્ષપાતનો આરોપ લગાવ્યો હતો. આ પહેલા



આ વર્ષે ઓગસ્ટમાં પણ વિપક્ષી ગઠબંધનના પક્ષોએ ઉપરાષ્ટ્રપતિને તેમના પદ પરથી હટાવવાનો પ્રસ્તાવ રજૂ કરવા નોટિસ આપવાનું વિચાર્યું હતું.

બંધારણના અનુચ્છેદ ૬૭(બી) મુજબ, ઉપરાષ્ટ્રપતિને રાજ્યસભાના તમામ વર્તમાન સભ્યોની બહુમતી દ્વારા રાજ્યસભા દ્વારા પસાર કરાયેલા ઠરાવ દ્વારા તેમના પદ પરથી દૂર કરી શકાય છે. આ સિવાય તેને લોકસભાની લીલી ઝંડી પણ મળવી જોઈએ. જો કે, આ વિભાગના હેતુઓ માટે, ઠરાવ ખસેડવાના ઈરાદાની ઓછામાં ઓછી ૧૪ દિવસની નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી કોઈ ઠરાવ ખસેડી શકાતો નથી.

અગાઉ ઓગસ્ટમાં પણ વિપક્ષી ગઠબંધનને પ્રસ્તાવ રજૂ કરવા માટે નેતાઓની સહીઓની જરૂર હતી, પરંતુ તે સમયે તેઓ આગળ વધ્યા ન હતા. તેમણે રાજ્યસભાના અધ્યક્ષને તક આપવાનું નક્કી કર્યું હતું, પરંતુ સોમવારે તેમના વર્તનને જોતા વિપક્ષે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાનો નિર્ણય કર્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ, આમ આદમી પાર્ટી (આપ), સમાજવાદી પાર્ટી (સપા) સહિત વિપક્ષી ગઠબંધનના ઘણા સભ્યો આ પ્રસ્તાવને આગળ વધારવા માટે સાથે છે.

દરમિયાન, બીજુ જનતા દળના પ્રમુખ નવીન પટનાયકે કહ્યું કે તેમની પાર્ટી રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાના ઈન્ડિયા બ્લોકના પગલા અંગે સાવચેતીપૂર્વક નિર્ણય લેશે. ઓડિશાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને સ્પષ્ટ કર્યું નથી કે બીજેડી અવિશ્વાસ પ્રસ્તાવને સમર્થન આપશે કે નહીં. સંસદના ઉપલા ગૃહમાં બીજેડીના સાત સભ્યો છે. બીજેડી રાજ્યસભામાં પણ મહત્વપૂર્ણ છે કારણ કે વિરોધ પક્ષો પાસે ગૃહમાં ઠરાવ પસાર કરવા માટે જરૂરી સંખ્યા નથી.

સત્તાધારી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના સભ્યોએ કોંગ્રેસ અને તેના નેતાઓ પર વિદેશી સંસ્થાઓ અને લોકો દ્વારા દેશની સરકાર અને અર્થવ્યવસ્થાને અસ્થિર કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. તે જ સમયે, કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષોએ અદાણી જૂથ સાથે સંબંધિત મુદ્દો ઉઠાવ્યો, તેના પર ચર્ચાની માંગ કરી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.




### ડ્રાઈવરે ગભરાઈને બ્રેક મારવાને બદલે એક્સિલેટર દબાવી દેતા સર્જાઈ કરૂણાંતિકા

# મુંબઈના કુર્લામાં બેસ્ટની બસ બેકાબૂ : ૭ના મોત, ૪૩ ઘાયલ

મુંબઈ,તા.૧૦

મુંબઈના કુર્લામાં બેસ્ટની બસે ઘણા લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં અત્યારસુધીમાં ૭ લોકોનાં મોત થયાં છે. ૪૩ ઘાયલની સારવાર ચાલી રહી છે. તેમને સાયન અને કુર્લા ભાભામાં દાખલ કરાયા છે. આ અકસ્માત કુર્લા-વેસ્ટ રેલવે સ્ટેશન રોડ પર આંબેડકરનગરમાં થયો હતો. બસ કુર્લા સ્ટેશનથી અંધેરી જઈ રહી હતી. આ બેસ્ટ બસોનું સંચાલન બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) દ્વારા કરવામાં આવે છે. કહેવામાં આવી રહ્યું છે કે આરોપી ડ્રાઈવર સંજય મોરે સોમવારે પહેલીવાર બસ ચલાવી રહ્યો હતો. તે ૧ ડિસેમ્બરે જ બેસ્ટમાં કોન્ટ્રેક્ટ ડ્રાઈવર તરીકે જોડાયો હતો. એવું માનવામાં આવે છે કે તેણે બ્રેકને બદલે એક્સિલેટર દબાવી દીધું હતું, જેના કારણે આ અકસ્માત થયો હતો. પોલીસે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. મોડી રાતથી તે કસ્ટડીમાં હતો. શિવસેનાના ધારાસભ્ય દિલીપ લાંડેએ જણાવ્યું હતું કે કુર્લા સ્ટેશનથી નીકળતી બસની બ્રેક ફેલ થઈ ગઈ અને ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો. ડ્રાઈવર ગભરાઈ ગયો અને તેણે બ્રેક દબાવવાને બદલે એક્સિલેટર દબાવ્યું, જેનાથી બસની સ્પીડ વધી ગઈ. BMC અધિકારીએ જણાવ્યું હતું કે આ અકસ્માત કુર્લાના BSM ખાતે L વોર્ડ પાસે થયો હતો. બેસ્ટની બસ કુર્લા રેલવે સ્ટેશનથી



અંધેરી જઈ રહી હતી, પરંતુ બસ અચાનક ડ્રાઈવરના કાબૂ બહાર ગઈ હતી. બસે પહેલા રાહદારીઓને કચડી નાખ્યા અને પછી ત્યાં પાર્ક કરેલા કેટલાંક વાહનો સાથે અથડાઈ. આ પછી બસ રહેણાક સોસાયટીના ગેટ સાથે અથડાઈને થંભી ગઈ હતી. અકસ્માતની ઘટના બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદ કરવાનું શરૂ કર્યું અને ઘાયલોને નજીકની ભાભા હોસ્પિટલમાં દાખલ કર્યા. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ઘાયલ થયેલા લોકોમાંથી કેટલાકની હાલત નાજુક હોવાનું કહેવાય છે. અધિકારીના જણાવ્યા અનુસાર, એવી આશંકા છે કે અકસ્માતનું કારણ બસની બ્રેક ફેલ થઈ ગઈ હતી. અકસ્માત બાદ પોલીસ અને ટ્રાન્સપોર્ટ વિભાગના અધિકારીઓ

### ઘાયલ થયેલા લોકોમાંથી કેટલાક ગંભીર હાલતમાં

ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી દેવામાં આવી છે. પોલીસે બસચાલકની ધરપકડ કરી છે. મુંબઈ ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, આ બસ દુર્ઘટના રાત્રે ૯.૫૦ વાગ્યે થઈ હતી. કુર્લાની ભાભા હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. અબ્દુલે જણાવ્યું કે ૧૦ ઘાયલને હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે. આ દુર્ઘટના કુર્લા-વેસ્ટ રેલવે સ્ટેશન રોડ પર આંબેડકરનગરમાં ત્યારે થઈ જ્યારે બેસ્ટની રૂટ નંબર ૩૩૨ બસ કુર્લા સ્ટેશનથી અંધેરી જઈ રહી હતી.




# મફત રાશન ક્યાં સુધી આપશો? રોજગારીની તકો ઉભી કરો : સુપ્રીમ કોર્ટ



ન્યુ દિલ્હી,તા.૧૦

૯ ડિસેમ્બરે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર દ્વારા મફત રાશનના વિતરણ પર કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું- આટલું ફ્રી રાશન ક્યાં સુધી વહેંચવામાં આવશે. સરકાર રોજગારીની તકો કેમ ઉભી કરતી નથી? કેન્દ્રએ કોર્ટને કહ્યું કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ હેઠળ ૮૧ કરોડ લોકોને મફત અથવા સબસિડીવાળું રાશન આપવામાં આવી રહ્યું છે. આનો અર્થ એ છે કે માત્ર કરદાતાઓ જ બાકી છે, બેન્ચે કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીને જણાવ્યું હતું. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ મનમોહનની ખંડપીઠ ઈ-શ્રમ પોર્ટલ હેઠળ લાયક પરપ્રાંતીય કામદારો અને અકુશળ મજૂરોને મફત રેશન કાર્ડ આપવા સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. આ સમગ્ર મામલો રેશન કાર્ડ સાથે જોડાયેલો છે. એનજીઓ તરફથી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે માગ કરી હતી કે ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા તમામ સ્થળાંતર કામદારોને મફત રાશન આપવા માટે સૂચનાઓ જાહેર કરવામાં આવે. અત્યાર સુધી જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચ આ કેસની સુનાવણી કરી રહી હતી. બેન્ચે ૪ ઓક્ટોબરે આદેશ આપ્યો હતો કે "આવી તમામ વ્યક્તિઓ કે જેઓ લાયક છે (NFSA મુજબ રેશન કાર્ડ/અનાજ માટે લાયક છે) અને સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા ઓળખવામાં આવ્યા છે, તેઓને ૧૯ નવેમ્બર પહેલા રેશન કાર્ડ આપવામાં આવશે.









# પાનસડા ગામે બંધારાના રિપેરીંગ માટે ધારાસભ્ય જનક તળાવીયાએ રૂ. ૧૭.૭૨ લાખ મંજૂર કરાવ્યા

**ગામના આગેવાનોએ ધારાસભ્યનો આભાર માન્યો**

બાબરા, તા.૧૦

બાબરા તાલુકાના પાનસડા ગામે નાની સિંચાઈ યોજના પેટા વિભાગ લીલીયા હસ્તકના બંધારા બનાવવામાં આવ્યા છે. આ બંધારામાં નાની સિંચાઇ યોજના હેઠળ રિસ્ટોરેશન કામ માટે લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ભારે જહેમતના કારણે રૂ.૧૭.૭૨ લાખ મંજૂર કરવામાં આવ્યા હતા. પાનસડા ગામે આવેલા આ બંધારાનું રિપેરીંગ કરી



નવીનીકરણની કામગીરી કરવામાં આવશે. આ કામ થવાથી લોકોની સુવિધામાં વધારો થશે તેમજ આજુબાજુના વિસ્તારના પાણીના તળ ઉપર આવવાની સાથે જ ખેડૂતોને ખુબ જ ફાયદો પણ થશે. આ કામ મંજૂર થતા પાનસડા ગામના આગેવાનો તેમજ ગામલોકો દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# બગસરાના મોટા મુંજીયાસર ગામે ગંધાતી ગટરને કારણે રોગચાળો ફેલાવાનો ભય

બગસરા, તા.૧૦

બગસરાના મોટા મુંજીયાસર ગામમાં રહીશોના ઘર પાસેથી નીકળતી ગટર એટલી હદે દુર્ગંધ મારી રહેલ છે કે લોકો નરકમાં રહેતા હોય તેવી અનુભૂતિ કરી રહ્યા છે. આ ખુલ્લી ગટરના કારણે અહીંયા ગંદકીના ગંજ પણ જામી ગયા છે અને લોકોને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. મોટા પ્રમાણમાં ગંદકીના કારણે મચ્છરનો પણ ઉપદ્રવ વધી ગયો છે જેના કારણે લોકો ઉપર ભયંકર બીમારીનો ખતરો તોળાઈ રહેલ છે. પરંતુ ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યોને લોકોની સમસ્યાની કોઇ ચિંતા નથી તેવી ફરિયાદ થઈ રહી છે. આ સમસ્યા અંગે લોકોએ અનેકવાર સરપંચને રજૂઆત કરેલી છે છતાં તેઓ પણ કોઈ ધ્યાન આપતા નથી તેવું કહેવાય છે. આ બાબતે સરપંચ જયસુખભાઈને પૂછતાં તેમણે જણાયું કે અમારે ગ્રાન્ટ નથી આવતી, જયારે ગ્રાન્ટ આવશે ત્યારે કામ કરાવીશું. ગામના વિકાસ માટે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી છે.



તસવીર : હાર્દિક બામટા

# નાગેશ્રી ગામની પરિણીતાએ ઝેરી દવા પીને કૂવામાં ઝંપલાવ્યું

**મહિલાનું મોત થતા નાગેશ્રી પોલીસે તપાસ શરૂ કરી**

નાગેશ્રી, તા.૧૦

નાગેશ્રી ગામે રહેતા હકાભાઈ બચુભાઈ વરૂ (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, જયાબેન જયંતીભાઈ રાઠોડ (ઉ.વ.૪૫) તેના પતિ સાથે તેમના મસળીકાંઠા વાડી વિસ્તારમાં આવેલા ખેતરની ઓરડીમાં ભાગીયું રાખી રહેતા હતા. બે દિવસ પહેલા મહિલાએ અગમ્ય કારણોસર પોતાની જાતેથી ખેતી પાકમાં છટકાવ કરવાની ઝેરી દવા પી’ જઈ કૂવામાં પડતું મૂકતાં મરણ પામી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના શ્યામ શેલડીયા અને કલરવ બગડા રાજ્ય કક્ષાએ ઝળક્યા

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના શ્યામ શેલડીયા અને કલરવ બગડાએ તાજેતરમાં યોજાયેલ રાજ્ય કક્ષાના યુવા ઉત્સવમાં અદભૂત પ્રદર્શન કરીને સાવરકુંડલાનું નામ રોશન કર્યું છે. શ્યામ શેલડીયાએ લોકવાદ્ય સંગીતમાં પ્રથમ અને કલરવ બગડાએ હાર્મોનિયમ વાદનમાં દ્વિતીય ક્રમ મેળવીને સમગ્ર શહેરનું ગૌરવ વધાર્યું છે. રાજકોટ ખાતે યોજાયેલા આ યુવા ઉત્સવમાં સમગ્ર રાજ્યના પ્રતિભાશાળી કલાકારોએ ભાગ લીધો હતો. તેમાં સાવરકુંડલાના આ બંને યુવા કલાકારોએ પોતાની કળા દ્વારા ન્યાયાધીશોનું ધ્યાન ખેંચ્યું અને આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે



પ્રેરણા મેળવી. શ્યામ શેલડીયા અને કલરવ બગડા બંને માધવ સંગીત પરિવાર સાથે જોડાયેલા છે. આ સંગીત પરિવારમાંથી દર વર્ષે એક સંગીત શિષ્ય રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ મેળવતો હોવાનું નોંધનીય છે. આ બંને યુવા કલાકારોના ગુરુ અરવિંદભાઈ શેલડીયા, મહેન્દ્રભાઈ બગડા અને કાજલ ચુડાસમાએ તેમના શિષ્યોની આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરી છે.

# ધારીમાં પતિએ ઘરખર્ચના પૈસા ન આપતાં પત્નીએ ઝેરી પાવડર પીધો

**ઝેરી દવાની અસર થતા મહિલાને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી**

ધારી, તા.૧૦

ધારીમાં એક પતિએ ઘર ખર્ચના પૈસા ન આપતાં પત્નીએ ઝેરી પાવડર પી લીધો હતો. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, સોનલબેન વિજયભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭)એ તેના પતિ પાસે ઘર ખર્ચના પૈસા માંગ્યા હતા.

જેથી પતિએ તેને હાલ પૈસા નથી તેમ કહેતા મનમાં લાગી આવ્યું હતું અને અનાજમાં નાખવાનો ઝેરી પાવડર પી લેતા સારવારમાં ખસેડાયા હતા. ધારી વિભાગના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના નાના આકડીયા ગામે પરપ્રાંતીય મહિલાએ ગળાફાંસો ખાધો

**મહિલાના મોતથી તાલુકા પોલીસે તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૧૦

અમરેલીના નાના આકડીયા ગામે રહેતી એક પરપ્રાંતીય મહિલાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી ગઈ હતી. રાઘવભાઈ ભીખાભાઈ મહેતા (ઉ,.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, રાજસ્થાનના બંદીબેન ઉર્ફે ચંપાબેન કલુભાઈ મહીડા (ઉ.વ.૪૨) પોતાની મેળે આડસર સાથે ચુંદડી બાંધી અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઇ લેતાં મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## ધારીમાંથી સગીરાને યુવક બદકામના ઈરાદે ભગાડી ગયો

ધારી, તા.૧૦

ધારીમાંથી એક સગીરાને બદકામના ઈરાદે યુવક ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ ઝરપરામાં રહેતા કાળુભાઈ હિમ્મતભાઈ રાણાવડીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેમની સગીર પુત્રીને બદકામના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો.

# સમસ્ત આહીર સમાજ, રાજુલા દ્વારા અંબરીશ ડેરનું સન્માન કરાયું

રાજુલા, તા.૧૦

રાજુલામાં રાહત દરે નોટબુક વિતરણ કાર્યક્રમની સાથે પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેરની GMB કર્મચારી મંડળના અધ્યક્ષ પદે વરણી થવા બદલ તેમનું સમસ્ત આહીર સમાજ દ્વારા સન્માન કરાયું હતું. આ તકે આહીર સમાજના પ્રમુખ બાઘાભાઈ લાખણોત્રા, ઉપપ્રમુખ દદુભાઈ વાઘ, સમાજ



તસવીર : ગોપાલ રાઠોડ

અગ્રણીઓ સામતભાઈ વાઘ સહિતના તમામ સભ્યો, નોટબુક વિતરણના દાતાઓ, પીપાવાવ આહીર યુવા ગ્રુપના સભ્યો, આહીર એજયુકેશન સમિતિના સભ્યો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા.













## -// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૫૧/૨૦૨૪

**પ્રતિ**
શ્રી બાબુભાઇ ભાણાભાઇ વાળા
રહે. મોટી ફાફણી , તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,ગ્રામ પંચાયત કચેરી, મોટીફાફણી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...**સામાવાળા**

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામના રહીશ શ્રી ભાણાભાઇ કરશનભાઇ વાળાના પત્ની શ્રી રતનબેન ભાણાભાઇ વાળાનું મરણ તા.૦૧/૦૧/૨૦૦૪ ના રોજ કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામના સને ૨૦૦૪ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(એમ.પી.ગોહિલ)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર



# રાજુલામાં સિટી સર્વે ઓફિસ રામ ભરોસે, લોકો ધક્કા ખાવા મજબૂર

રાજુલા, તા.૧૦

રાજુલા ખાતેની સિટી સર્વે ઓફિસમાં છેલ્લા ત્રણ માસથી કાર્યક્ષમતાનો અભાવ જોવા મળી રહ્યો છે. અધિકારીની અવારનવાર ગેરહાજરી અને કામગીરીની અન્યત્ર ફાળવણી થવાને કારણે પ્રોપર્ટી કાર્ડ માટે આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજુલા સિટી સર્વે ઓફિસમાં પ્રોપર્ટી કાર્ડ જેવા મહત્વના દસ્તાવેજો બનતા હોય છે. આ કાર્ડ લોન લેવા, મિલકત વેચાણ વગેરે જેવી કામગીરી માટે જરૂરી હોય છે પરંતુ અધિકારીની ગેરહાજરીને કારણે આ કામગીરી અટકી પડી છે. જાણવા મળ્યા મુજબ, રાજુલા સિટી સર્વે અધિકારીને જાફરાબાદ અને ડુંગરની ઓફિસનો ચાર્જ સોંપવામાં આવ્યો છે જેના કારણે રાજુલા ઓફિસમાં માત્ર એક કરાર આધારિત કર્મચારી જ હાજર રહે છે.



તસવીર : ગોપાલ રાઠોડ

જેને કારણે લોકોને તેમનું કામ કરાવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યાને લઈને રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ગૌરંગભાઈ મહેતાએ ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર અને લેન્ડ રેકર્ડ ઓફિસના અધિકારીને પત્ર લખીને આ સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગ કરી છે.

# અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ગગડ્યો, લોકો ઠંડા પવનથી ઠુંઠવાયા

અમરેલી,તા.૧૦

ગુજરાતમાં ઠંડીની તીવ્રતા દિવસેને દિવસે ધીમે ધીમે વધી રહી છે. અમરેલી જિલ્લામાં હાલ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ પહોંચી ગયુ છે. આ ઉપરાંત રાજ્યમાં ઠંડા પવન પણ ફૂંકાઈ રહ્યા છે જેના કારણે ઠંડીનું પ્રમાણ વધ્યું છે. ગત મહિનાથી ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે પરંતુ ગઈકાલ રાતથી ઠંડીનો ચમકારો વધ્યો છે. ત્યારે આજે સવારે ઠંડીનો પારો ગગડીને ૧૩ ડિગ્રીની નજીક પહોંચી ગયો છે. લોકો સવારે કડકડતી ઠંડીની મજા માણતા જોવા મળ્યા હતા. સવારે ઠંડીમાં વધારો થતાં લોકો જેકેટ, શાલ, મફલરમાં જોવા મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અંબાલાલ પટેલે ગુજરાતના હવામાન અંગેની આગાહી કરી છે. તેમણે જણાવ્યું છે કે, આગામી દિવસોમાં રેકોર્ડબ્રેક ઠંડી પડે તેવી શક્યતા છે. આગામી ૭ દિવસ સુધી હવામાનમાં મોટા ફેરફારની કોઈ શક્યતા નથી પરંતુ તાપમાનમાં સામાન્ય ઘટાડો થઈ શકે છે. વિભાગનું કહેવું છે કે, ઉત્તર ભારતમાં હિમવર્ષાની અસર ગુજરાતના હવામાન પર પણ પડી રહી છે. ઠંડીને કારણે ગરમ કપડાની બજારમાં તેજી જોવા મળી રહી છે.



# અમરેલી જિલ્લાનાં ૩૫ પોલીસ કર્મચારીઓની બદલીનો ઘાણવો

**જિલ્લા પોલીસ વડાનો ચાર્જ છોડતા પહેલા બદલીઓ કરતા હિમકરસિંહ**



અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની બદલી થયા બાદ આજે જિલ્લામાં ફરજ બજાવતા ૩૫ જેટલા પોલીસ કર્મચારીઓની અરસપરસ બદલી કરી છે. અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા તરીકે બદલી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા અમરેલી તરીકેનો ચાર્જ છોડે તે પહેલા જ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે અમરેલી જિલ્લાનાં વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ૩૫ જેટલા પોલીસ કર્મચારીઓની અરસપરસ બદલી કરવામાં આવી છે.

# સાવરકુંડલાના ઠવી ગામે યુવકને છરી મારી આંતરડા બહાર કાઢી નાંખતા અરેરાટી

**પ્રેમલગ્ન મુદ્દે હુમલો કરવામાં આવ્યો**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના ઠવી ગામે ભાઈએ કરેલા પ્રેમલગ્ન મુદ્દે ભાઈ પર હુમલો કરવામાં આવ્યો હતો. છરીના ઘા મારતાં આંતરડા બહાર નીકળી જતાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. બનાવ સંદર્ભે હાલ સુરતના કાપોદ્રામાં આદર્શનગરમાં રહેતા મૂળ ઠવી ગામના નાગજીભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૮) એ ઠવી ગામના ભરતભાઈ દુલાભાઈ મોલાડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ભત્રીજા વિશાલભાઈ રસીકભાઈ ચૌહાણના નાના ભાઈ ગૌતમભાઈએ આરોપીની દીકરી માયાબેન સાથે આજથી આશરે બેએક મહિના પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. જે વાતનું મનદુઃખ રાખી વિશાલભાઈ તથા તેમના મિત્ર જયપાલભાઈ બંને વિશાલભાઈના મોટા બાપા મગનભાઈ ભીમજીભાઈ ચૌહાણના ઘરેથી પોતાના ઘરે જતા હતા ત્યારે ચૌહાણ પરિવારના માતાજીના મઢ પાસે પહોંચતા આરોપીઓ વિશાલભાઈને કહેવા લાગ્યા કે, “તારા ભાઈ ગૌતમે કેમ મારી દીકરી માયાને ભગાડી કોર્ટમાં લગ્ન કરેલ છે. આ બાબતે અગાઉ પણ તમને સમજાવ્યા છે તેમ છતાં તમો સમજશો નહી” તેમ કહી આજે તો તને પતાવી દેવો છે તેવી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ નેફામાંથી છરી કાઢી મારી નાખવાના ઈરાદે વિશાલભાઈના પેટના ડાબા ભાગે મારી દઈ આંતરડા બહાર કાઢી નાખી જીવલેણ ઈજા પહોંચાડી હતી. વંડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.ડી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ગાધકડા મુકામે પોલિયો રસીકરણ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૧૦



પોલિયો નાબૂદી અતર્ગત સાવરકુંડલાના ગાધકડા ગામે ૦ થી ૫ વર્ષના બાળકોને ‘દો બુંદ જિંદગી કી’ પોલિયોના બે ટીપાં પીવડાવામાં આવ્યા હતા. ગાધકડાની પે સેન્ટર સ્કૂલમાં સાવરકુંડલાના તાલુકા પ્રમુખ જીતુભાઈ કાછડીયા દ્વારા કાર્યક્રમની શરૂઆત કરાવવામાં આવી હતી. તેમાં સી.ડી.એચ.ઓ. જોષી તથા તાલુકા હેલ્થ ઓફિસર સહિત સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# રાંદલના દડવા ગામે બીમારીથી કંટાળી પ્રૌઢાએ એસિડ પીધું

વડીયા, તા.૧૦

વડીયાના રાંદલના દડવા ગામે બીમારીથી કંટાળી એક પ્રૌઢાએ એસિડ પીતાં મરણ પામ્યા હતા. ભરતભાઈ મેઘજીભાઈ રામાણી (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમના માતા સાકરબેન (ઉ.વ.૭૫)ને છેલ્લા એક વર્ષથી પગમાં દુઃખાવો રહેતો હતો તેમજ ડાયાબિટીસની બીમારી હતી. જેનાથી કંટાળી એસિડની બોટલમાંથી એક ઘૂંટડો પી જતાં મરણ પામ્યા હતા.


પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનું)
લેડીઝ માટે Rs.799/- | કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665



ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079


**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૯૭/૨૦૨૪

**પ્રતિ**
શ્રી રાણાભાઈ રાજાભાઈ મકવાણા
રહે. ઘાંટવડ , તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ શ્રી રાણાભાઈ રાજાભાઈ મકવાણા તથા શ્રી સોનુબા રાણાભાઈ મકવાણાનો પુત્ર શ્રી દિનેશભાઈ રાણાભાઈ મકવાણા નો જન્મ તા.૦૬/૦૬/૧૯૭૧ માં કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને ૧૯૭૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00


**તંત્રી લેખ**

# ભારતમાં ઈલેક્ટ્રિક હાઈવે બનશે

હાઈવેના અનેક પ્રકાર છે. આપણા દેશમાં પગપાળા ચાલવા માટે પગદંડી એટલે પગ રસ્તો છે. ગાડા કેડો છે. વાહનો ચલાવવા માટે ડામર અને સિમેન્ટ કોંક્રિટના રસ્તા છે. હવે એક્સપ્રેસ હાઈવે બની રહ્યા છે. આમાં પણ હવે ઈલેક્ટ્રિક વાહનો માટે ખાસ પ્રકારનો હાઈવે બની રહ્યો છે જેને ઈલેક્ટ્રિક હાઈવે કહેવામાં આવે છે. આ હાઈવે ખાસ પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ હશે. ઈલેક્ટ્રિક હાઈવે એ રસ્તા અથવા હાઈવેનું એક નેટવર્ક હોય છે, જે ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો (EV) માટે ડિઝાઈન કરાયેલા ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ હોય છે. જેમની પાસે ઈલેક્ટ્રિક વાહનો છે અને તેઓ લાંબા અંતરની મુસાફરી કરે છે તો આ હાઈવે પર ચાર્જિંગ સ્ટેશનો તેમને સરળતાથી મળી રહે છે. હાઈવે પર ચાર્જિંગની સુવિધા સરળતાથી મળી જતાં ઈલેક્ટ્રિક વાહનના માલિકોને રસ્તામાં કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. ઈલેક્ટ્રિક વાહનો આપણા દેશમાં નવા નથી. અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલના વાહનોનો ૯૦ ટકા ઉપયોગ થઈ રહ્યો હતો પરંતુ હવે ધીમે ધીમે તેમાં સુધારો આવતો જાય છે અને પર્યાવરણના બચાવ માટે અત્યારે મોટા પ્રમાણમાં સરકાર દ્વારા વિવિધ પ્રકારની સબસિડી આપવામાં આવી રહી છે આથી ઈલેક્ટ્રિક વાહનોનો વપરાશ વધવા લાગ્યો છે. આ વપરાશ દિવસે દિવસે જેમ જેમ વધતો જશે તેમ તેમ પર્યાવરણમાં સુધારો થતો જશે, પ્રદૂષણ ઓછું થશે. ઈલેક્ટ્રિક વાહનોમાં પેટ્રોલ ડીઝલ વપરાતું નથી પરંતુ તેની જગ્યાએ ઈલેક્ટ્રિકનો વપરાશ થાય છે. આ વાહન કેવી રીતે કામ કરે છે, તેની રચના કેવી છે અને તેને કેવી રીતે ઉર્જા પૂરી પાડવામાં આવે છે તે જાણવું અત્યારે અત્યંત જરૂરી છે. હવે આપણે ઈલેક્ટ્રિક વાહનોની વિશેષતા પર એક નજર નાખીએ.

ઈલેક્ટ્રિક વાહનો (EVs) એક નવીન તકનીક છે જે પરંપરાગત પેટ્રોલ અથવા ડીઝલ વાહનોને બદલી રહી છે. આ વાહનો વીજળી પર ચાલે છે અને તેઓ પર્યાવરણ માટે વધુ મૈત્રીપૂર્ણ છે કારણ કે તેઓ કોઈ પ્રકારનું પ્રદૂષણ ફેલાવતા નથી. ઈલેક્ટ્રિક વાહનોના ફાયદા અનેક છે. તે પર્યાવરણ મિત્ર છે. ઈલેક્ટ્રિક વાહનો કોઈ પ્રકારનું પ્રદૂષણ ફેલાવતા નથી, જેનાથી હવા અને પાણીની ગુણવત્તા સુધરે છે. ઈલેક્ટ્રિક વાહનો ચલાવવાનો ખર્ચ પેટ્રોલ વાહનો કરતાં ઘણો ઓછો હોય છે. ઈલેક્ટ્રિક વાહનો ઘણા શાંત હોય છે, આ વાહનોમાં એન્જિન હોતું નથી આથી એન્જિનનો અને એકસોટનો અવાજ આવતો નથી મતલબ કે તે વાહનો ઘોંઘાટ રહિત છે. જેનાથી ડ્રાઈવિંગનો અનુભવ સુખદ બને છે. ઈલેક્ટ્રિક વાહનો પેટ્રોલ વાહનો કરતાં વધુ કાર્યક્ષમ હોય છે. સરકારી પ્રોત્સાહન મળતા ઈલેક્ટ્રિક વાહનોનો વપરાશ વધતો જાય છે. ઘણી સરકારો ઈલેક્ટ્રિક વાહનો ખરીદવા માટે પ્રોત્સાહનો આપે છે. બેટરી ઈલેક્ટ્રિક વાહન (BEV): આ સૌથી સામાન્ય પ્રકારનું ઈલેક્ટ્રિક વાહન છે. તે સંપૂર્ણપણે બેટરી પર ચાલે છે. પ્લગ-ઈન હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વાહન (PHEV): આ વાહનોમાં બેટરી અને પેટ્રોલ એન્જિન બંને હોય છે. હાઈબ્રિડ ઈલેક્ટ્રિક વાહન (HEV): આ વાહનોમાં પણ બેટરી અને પેટ્રોલ એન્જિન બંને હોય છે, પરંતુ તે PHEV કરતાં ઓછા અંતર સુધી બેટરી પર ચાલી શકે છે. ઈલેક્ટ્રિક વાહનોને ચાર્જ કરવા માટે વિવિધ પ્રકારના ચાર્જર્સનો ઉપયોગ કરી શકાય છે. ઘરમાં, તમે તમારી કારને રોજિંદા ઉપયોગ માટે રાત્રે ચાર્જ કરી શકો છો. જાહેર સ્થળોએ, જેમ કે શોપિંગ મોલ્સ અને રેસ્ટોરન્ટ્સ, ચાર્જિંગ સ્ટેશનો ઉપલબ્ધ છે. ભવિષ્યમાં, ઈલેક્ટ્રિક વાહનો વધુ લોકપ્રિય બનશે. હાલમાં ૬૦૦૦ KMનો હાઈવે બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સરકાર હાલમાં ઈલેક્ટ્રિક હાઈવે બનાવવાની યોજના પર ઝડપથી કામ કરી રહી છે. કેન્દ્ર સરકારનું લક્ષ્ય ૬૦૦૦ કિલોમીટરની લંબાઈનો ઈલેક્ટ્રિક હાઈવે બનાવવાનું છે. નવા ઈ-હાઈવેથી ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને વેગ મળવાની અપેક્ષા છે.

# એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓનું ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન







અમરેલી,તા.૧૦

અમરેલીના શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓએ અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૨૪માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ પરીક્ષામાં અમરેલી જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પરંતુ શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી જોષી વ્રજેશ ભાવેશભાઈએ રાજ્ય કક્ષાએ પસંદગી મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે. આ ઉપરાંત, ગુજરાતી માધ્યમના નિમાવત હર્ષ રાજુભાઈએ તાલુકા કક્ષાએ પ્રથમ અને આદ્રોજા જશ ઉદયભાઈએ દ્વિતીય ક્રમ મેળવીને શાળાની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. આ સિદ્ધિ માટે શાળાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી છે.

# દામનગરમાં કુંભનાથ મંદિર પાસે અકસ્માતમાં યુવકનું મોત

દામનગર, તા.૧૦

દામનગરમાં ગારીયાધાર રોડે કુંભનાથ મહાદેવ મંદિર પાસે સર્જાયેલા અકસ્માતમાં એકનું મોત થયું હતું. બનાવ અંગે ગઢડા તાલુકાના આકડીયા (ગઢવી) ગામના હાલ મહુવાના ખરેડ ગામે રહેતા રાજુભાઈ હરીભાઈ ભીલ (ઉ.વ.૩૩)એ ઉમરાળા તાલુકાના પરવાળા ગામના વિનોદભાઈ દાનાભાઈ ડાંગર (ઉ.વ.૪૭) સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેની ફોરવ્હીલ પૂરઝડપે ચલાવી તેના ભાઈ દિનેશભાઈ હરીભાઈ ભીલને ટક્કર મારી હતી. જેમાં તેને ગંભીર ઈજા થતાં મોત થયું હતું. અકસ્માત સર્જી ચાલક નાસી છૂટ્યો હતો. દામનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.વાય. રાવલ વધુ તપાસ કરી રહ્યા છે.

# રિસામણે રહેલી પત્નીને પતિએ ફોનમાં 'મારી સાથે રહેવું હશે તો સાંભળવું પડશે' કહેતા ઝેરી પાવડર પીધો

**લાઠીના કાચરડી ગામનો બનાવ**

દામનગર, તા.૧૦

લાઠીના કાચરડી ગામે રહેતી એક પરિણીતાને તેના પતિએ ફોનમાં મારી સાથે રહેવું હશે તો સાંભળવું પડશે તેમ કહેતા લાગી આવતાં ઝેરી પાવડર પી લીધો હતો. મૂળ મહુવાના મોદા ગામે રહેતા અને હાલ કાચરડી ગામે પિયરમાં રહેતા હેતલબેન મિલનભાઈ સોરઠીયા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, તેઓ દોઢ મહિનાથી પિયરમાં રિસામણે હતા. પતિ મિલનભાઈ સાથે અઠવાડિયા પહેલા ફોનમાં વાત થઈ હતી. તેમણે પતિને શાંતિથી રહેવાનું અને મને ખોટી રીતે કંઈ કહેવાનું નહીં તેમ કહેતા પતિએ 'મારી સાથે રહેવું હોય તો સાંભળવુ પડે, તારે આવવું હોય તો આવ' તેમ કહ્યું હતું. જેથી તેમણે 'મારે આવવું નથી અને તમે છેલ્લા દોઢેક મહિનાથી કેમ મને ફોન નથી કરતા' તેમ કહેતા પતિએ ફોન મૂકી દીધો હતો. જેથી મનમાં લાગી આવતા પોતે-પોતાની મેળે આવેશમાં આવી જઈ રૂમમાં ઝેરી દવાનો પાવડર પી લીધો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.ડી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# તું મુંબઈથી અહી ડેડાણ કેમ આવ્યો? પાછા ખેલ કરવાના છે? કહેતાં યુવકને લાગી આવ્યું

ખાંભા, તા.૧૦

ખાંભાના ડેડાણ ગામે યુવકને 'તું મુંબઈથી અહી કેમ આવ્યો? પાછા ખેલ કરવાના છે?' તેમ કહેતા લાગી આવતાં ઝેરી દવા પી લીધી હતી. બનાવ અંગે હાલ મુંબઈ રહેતા મૂળ ડેડાણ ગામના રમેશભાઈ ઉર્ફે નરેશભાઈ જીવરાજભાઈ વાળાએ જાહેર કર્યા મુજબ, તેમના પર અગાઉ ચંપાબેન મહેશભાઈ રાઠોડે ખોટો કેસ કર્યો હતો. જેથી એકાદ વર્ષથી તેઓ પોતાના માતા-પિતા પાસે મુંબઈ જતા રહ્યા હતા. ચંપાબેને જાહેરકરનાર ઉપર અગાઉ કેસ કર્યો હોવાથી તેઓ ૨ મુદતે કોર્ટમાં આવ્યા ત્યારે ડેડાણ પોતાના ઘરે આંટો મારવા ગયા હતા. તે સમયે ચંપાબેન જીણાભાઈ રાઠોડ, જયાબેન જેન્તીભાઈ રાઠોડ, અલ્પાબેન મહેશભાઈ રાઠોડ, પ્રવીણાબેન રાઠોડ, પ્રેમજીભાઈ માવજીભાઈ રાઠોડ, કિરણબેન રાઠોડે તેમને તું મુંબઈથી અહી ડેડાણ કેમ આવ્યો? પાછા ખેલ કરવાના છે? તેમ કહી ગામમાં આવવા દેતા નહોતા. તેમજ આવે તો ડેડાણ ગામમાંથી પાછો કાઢતા હતા. જેથી કંટાળી જતા મનમાં લાગી આવતા પોતાની મેળે થોડી ઝેરી દવા પી લીધી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં બેઝબોલની રાજ્ય કક્ષાની સ્પર્ધા યોજાઈ



સાવરકુંડલા,તા.૧૦

સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ગુજરાત બેઝબોલ ફેડરેશન દ્વારા આયોજિત ૩૪મી રાજ્ય કક્ષાની સબ જુનિયર અને જુનિયર બેઝબોલ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતના ૨૫ ટીમોના ૩૮૭ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, રમતગમત વિભાગના અધિકારીઓ, ભાજપાના હોદ્દેદારો અને ગુરુકુળના સંતોની ઉપસ્થિતિ રહી હતી. સાવરકુંડલાનો વિદ્યાર્થી પરમ ચુડાસમા જે અન્ડર ટ્વેન્ટીમાં જાપાન રમવા ગયો હતો તેનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય મહેશભાઈ કસવાળા સહિત તમામ મહાનુભાવોએ પરમ ચુડાસમાને આ સિદ્ધિ માટે અભિનંદન પાઠવ્યા હતા. આ સ્પર્ધાની શરૂઆતમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, સ્વામિનારાયણ ગુરુકુળના સ્વામીઓ, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શહેર પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, જિલ્લા રમતગમત અધિકારી પૂનમબેન, જિલ્લા વ્યાયામ સંઘના પ્રમુખ મિયાણી સાહેબ અને ગુજરાત બેઝબોલ ફેડરેશનના હોદ્દેદારોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

# બાબરામાં મંદિરની દાનપેટીનું તાળું તોડી ૧૫ હજારની ચોરી

બાબરા, તા.૧૦

બાબરાના નીલવડા રોડ પર વડલીવાળા મેલડી માતાજીના મંદિરે ત્રાટકેલા બે અજાણ્યા ચોર ઈસમો દાનપેટીમાંથી રોકડા ૧૫૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પ્રદીપભાઈ રામકુભાઈ ખાદા (ઉ.વ.૩૯)એ બે અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, નીલવડા રોડ ઉપર આવેલ વડલી વાળા મેલડી માતાજીના મંદિરે રાત્રે ત્રાટકેલા બે અજાણ્યા ચોર ઈસમો વહતીયાદાદાના મંદિરની બહાર રાખેલી દાનપેટી તેમજ ઉપરના ભાગે આવેલ મેલડી માતાજીનાં મંદિરની બહાર રાખેલી દાનપેટીમાંથી મળી આશરે રૂ.૧૫,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.કે. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૪૮૯ |
| ઘઉં લોકવન | ૫૮૪ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૯૫ | ૬૫૨ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૭૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૩૦ | ૫૦૫ |
| તુવેર | ૧૬૦૦ | ૨૨૫૧ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૩૩૫ |
| અડદ | ૧૩૫૦ | ૧૭૧૫ |
| મગ | ૧૦૦૦ | ૧૭૨૪ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૫૨૦ |
| ચોળી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મઠ | ૬૦૦ | ૧૦૩૮ |
| કળથી | ૯૩૬ | ૧૧૪૨ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૮૪ |
| મગફળી જીણી | ૮૮૦ | ૧૧૭૦ |
| તલી | ૨૧૩૦ | ૨૬૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૪ |
| અજમો | ૧૬૫૦ | ૧૮૫૦ |
| સુવા | ૮૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૭૮૫ | ૮૩૨ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| કાળા તલ | ૩૦૨૦ | ૪૪૦૦ |
| લસણ | ૩૮૦૦ | ૪૭૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૫૨૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૨૯૨૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૪૧૦ |
| જીરૂ | ૪૦૭૫ | ૪૫૯૦ |
| મેથી | ૧૦૩૦ | ૧૨૪૯ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કલોંજી | ૩૪૯૯ | ૩૭૨૪ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૧૭ |
| રજકાનું બી | ૪૨૫૦ | ૫૩૭૫ |
| ગુવારનું બી | ૯૧૦ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૩૫૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૭૭૫ |
| ટમેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૩૧૦ | ૫૨૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૧૬૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૪૦ |
| ફલાવર | ૧૫૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ચોળાસીંગ | ૩૫૦ | ૫૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૫૫૦ |
| દુધી | ૮૦ | ૧૨૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૩૦૦ | ૨૪૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૪૦૦ | ૭૦૦ |
| કાકડી | ૪૫૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૫૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૫૦૦ | ૬૦૦ |
| મેથી | ૨૧૦ | ૩૨૦ |
| વાલ | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૪૧૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૯૬ | ૧૦૭૦ |
| શિંગ ૬૬ નંબર | ૯૮૦ | ૯૮૦ |
| ગીરનાર શીંગ | ૯૧૫ | ૧૨૪૦ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૨૩૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૨૬૨૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૪૫૪૫ |
| તલ કાશ્મીરી | ૩૨૨૫ | ૩૨૯૦ |
| બાજરો | ૩૫૦ | ૬૦૨ |
| જુવાર | ૪૦૦ | ૭૯૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૬ |
| ઘઉં લોકવન | ૫૧૯ | ૬૨૧ |
| મગ | ૧૧૧૫ | ૧૬૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૨૪૫ |
| ચણા | ૭૦૦ | ૧૨૬૪ |
| કપાસ | ૯૨૫ | ૧૪૭૮ |
| એરંડા | ૧૧૬૯ | ૧૨૧૩ |
| જીરૂ | ૪૧૧૫ | ૪૪૩૦ |
| ઈસબગુલ | ૧૯૪૦ | ૨૦૫૦ |
| ધાણા | ૧૦૭૫ | ૧૩૭૫ |
| મેથી | ૯૦૦ | ૧૧૫૧ |
| સોયાબીન | ૫૦૦ | ૮૩૦ |
| રજકાનું બી | ૪૨૫૦ | ૫૬૧૦ |
| મરચા લાંબા | ૬૫૦ | ૨૫૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૮૦ | ૫૮૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૧૨૦ | ૨૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૩૪૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટામેટા | ૬૪૦ | ૭૬૦ |
| સુરણ | ૯૮૦ | ૧૪૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| દૂધી | ૧૧૦ | ૨૫૦ |
| કારેલા | ૫૪૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૮૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૪૦ |
| વાલોળ | ૪૨૦ | ૫૫૦ |
| વટાણાં | ૧૨૦૦ | ૧૬૨૦ |
| ચોળા લીલાં | ૩૨૦ | ૫૫૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| આમળા | ૪૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૫૦ | ૮૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૧૨૦૦ |
| આદુ | ૮૨૦ | ૯૨૦ |
| કોથમીર | ૪૫૦ | ૬૫૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૭૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૧૨૨૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૪૨૦ | ૬૫૦ |
| મરચા લાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૫૦૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૨૦૦ |
| લીંબુ | ૪૨૦ | ૬૭૦ |
| પાલક | ૩૮૦ | ૫૬૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૨૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૮૮ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૭૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૧૬ |
| જીરૂ | ૩૯૦૧ | ૪૭૪૧ |
| વરીયાળી | ૭૭૧ | ૧૨૨૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૬૧ |
| લસણ સુકું | ૧૯૯૧ | ૪૮૦૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૮૧ |
| મઠ | ૫૦૦ | ૮૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૮૦૧ |
| સુવાદાણા | ૧૧૬૧ | ૧૧૬૧ |
| કાંગ | ૮૧૧ | ૧૦૨૧ |
| સફેદ ચણા | ૧૨૨૧ | ૨૦૫૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૬૯૧ |
| ઇસબગુલ | ૧૩૨૧ | ૧૯૭૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૮૧૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૪૮૧ |
| બાજરો | ૪૩૧ | ૫૨૧ |
| જુવાર | ૩૭૧ | ૮૪૧ |
| મકાઇ | ૫૦૦ | ૫૦૦ |
| મગ | ૧૧૫૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૨૭૧ |
| વાલ | ૪૫૧ | ૧૩૯૧ |
| ચોળા / ચોળી | ૪૯૧ | ૨૬૦૧ |
| સોયાબીન | ૬૫૧ | ૮૬૧ |
| ગોગળી | ૭૫૧ | ૯૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૯૦ | ૧૪૬૬ |
| મગફળી | ૭૦૫ | ૧૧૨૦ |
| તલ કાળા | ૩૪૮૦ | ૩૪૮૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૦૦ |
| મગ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| અડદ | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૬૨૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૮૦ | ૧૧૩૮ |
| મગફળી ૩૨ નં. | ૯૪૦ | ૧૦૫૫ |
| બાજરી | ૫૦૦ | ૫૯૧ |
| ઘઉં | ૫૪૦ | ૬૩૪ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૨૦ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૦૨૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૧૦ |
| જુવાર | ૬૦૦ | ૭૯૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૭૧૮ |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૫૯ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૧૨૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| બાજરો | ૫૭૦ | ૬૧૬ |
| ઘઉ ટુકડા | ૫૪૧ | ૬૨૨ |
| જુવાર | ૭૨૬ | ૭૮૧ |
| મગ | ૧૬૨૦ | ૨૫૨૫ |
| મઠ | ૧૧૫૨ | ૧૧૫૨ |
| અડદ | ૮૧૦ | ૧૩૩૦ |
| ચણા | ૯૧૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| એરંડી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૭ |
| **લીલીયામોટા** | | |
| કપાસ | ૧૨૯૦ | ૧૪૭૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૫ | ૧૪૮૦ |
| મગફળી | ૮૬૫ | ૧૧૫૧ |
| ઘઉં | ૫૭૧ | ૫૮૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૨૭૫ |
| ધાણા | ૯૫૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૭૭૩ |
| તલ | ૨૧૨૫ | ૨૧૨૫ |
| છોલે ચણા | ૧૮૫૧ | ૧૮૫૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૬૦ | ૧૫૨૦ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૮૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૯૯ | ૧૧૬૧ |
| મગફળી બી.ટી | ૯૨૮ | ૧૦૫૨ |
| અડદ | ૧૧૬૦ | ૧૪૪૦ |
| ઘઉં | ૫૪૦ | ૫૮૦ |
| તલ સફેદ | ૨૦૩૦ | ૨૨૭૦ |
| જીરૂ | ૩૯૮૯ | ૪૫૫૧ |
| સોયાબીન | ૭૭૯ | ૮૨૧ |
| ચણા | ૧૧૪૫ | ૧૨૯૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૫૬ | ૫૮૬ |
| ચણા સોલે | ૧૯૦૫ | ૨૦૦૦ |
| સોયાબીન | ૫૮૬ | ૭૮૦ |
| મગફળી | ૭૬૫ | ૯૭૯ |
| ચણા | ૯૪૦ | ૧૨૧૫ |
| તલ સફેદ | ૧૬૪૦ | ૨૩૦૦ |
| ધાણા | ૧૨૦૫ | ૧૩૨૦ |
| તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| અડદ | ૧૦૪૦ | ૧૨૦૧ |
| તુવેર | ૧૦૩૫ | ૧૦૩૫ |
| જીરૂ | ૨૫૬૬ | ૪૦૦૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૯૧૦ | ૧૧૮૬ |
| ચણા સફેદ | ૧૦૩૦ | ૧૦૩૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૭૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૭૫ |
| શીંગ ગીરનાર | ૧૨૫૧ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૨૧૨૨ | ૨૩૬૮ |
| તલ કાળા | ૩૯૩૫ | --- |
| જીરૂ | ૪૦૮૮ | ૪૫૦૦ |
| કપાસ | ૧૩૭૫ | ૧૪૮૧ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૦૩ |
| બાજરો | ૪૫૦ | ૭૦૦ |
| જુવાર | ૫૦૦ | ૭૦૧ |
| મકાઈ | ૬૦૦ | --- |
| મગ | ૧૧૦૦ | --- |
| ચણા | ૧૦૫૦ | ૧૪૬૦ |
| નવી તુવેર | ૧૦૦૦ | ૧૯૦૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | --- |
| સોયાબીન | ૭૧૦ | ૭૯૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૧ |
| ઘઉં | ૪૮૦ | ૫૮૮ |
| ચણા | ૮૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૨૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૪૬ |
| શિંગફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૨૦૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૩૯૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૧૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૨૫ | ૧૩૩૯ |
| શીંગ ૩૨ | ૯૨૦ | ૧૦૪૫ |
| શીંગ ૩૯ | ૯૪૦ | ૧૧૬૫ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૫ | ૧૧૬૫ |
| એરંડા | ૫૧૭ | ૫૧૭ |
| જુવાર | ૩૫૧ | ૯૯૯ |
| બાજરી | ૩૯૦ | ૬૨૯ |
| ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૮૪ |
| મકાઈ | ૪૮૧ | ૬૨૭ |
| અડદ | ૧૧૦૬ | ૧૭૫૦ |
| મગ | ૧૧૨૦ | ૧૬૫૦ |
| મગ દેશી | ૧૬૨૦ | ૨૬૦૦ |
| સોયાબીન | ૭૭૧ | ૮૨૬ |
| ચણા | ૧૧૭૫ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૬૭૭ | ૨૪૭૫ |
| તલ પુરબીયા | ૩૧૬૩ | ૩૧૬૩ |
| તુવેર | ૧૯૧૫ | ૧૯૧૫ |
| ડુંગળી લાલ | ૨૫૦ | ૮૭૯ |
| ડુંગળી સફેદ | ૨૧૬ | ૮૫૫ |
| કપાસ શંકર | ૧૪૧૫ | ૧૪૪૯ |
| નાળીયેર | ૫૧૩ | ૨૯૯૯ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| બાજરો | ૪૯૦ | ૫૬૫ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૪ |
| મગ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૭૧૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ચોળી | ૨૨૦૦ | ૨૯૦૫ |
| વાલ | ૪૦૦ | ૪૪૦ |
| ચણા | ૬૦૦ | ૧૨૪૫ |
| ચણાસફેદ | ૧૬૦૦ | ૨૨૮૫ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૩૮૫ |
| મગફળીજાડી | ૯૦૦ | ૧૦૯૦ |
| તલ | ૧૬૦૦ | ૨૧૬૫ |
| લસણ | ૩૦૦૦ | ૫૩૮૦ |
| જીરૂ | ૩૬૫૦ | ૪૫૮૫ |
| અજમો | ૧૯૪૫ | ૩૪૨૫ |
| ધાણા | ૬૦૦ | ૧૪૦૦ |
| ડુંગળીસુકી | ૧૫૦ | ૮૬૫ |
| મરચાસુકી | ૭૦૦ | ૨૫૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૫ |




લાગે તો તીર : - બોસ બોસ બોસ, તમે ધીરાં ખમો, આમ ઓચિંતા ઉતાવળા ના થાવ

06


# બાબરી ધ્વંશની વરસી, કલ્યાણસિંહ ભૂલાઈ ગયા

**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા





બાબરી મસ્જિદ ધ્વંશને ૩૨ વર્ષ પૂરાં થઈ ગયાં.

૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ અયોધ્યામાં વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ સહિતનાં હિંદુવાદી સંગઠનોએ કારસેવા માટે કરેલા એલાનના પ્રતિસાદમાં હજારો લોકો ઉમટી પડેલાં. લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી સહિતના ભાજપના દિગ્ગજ નેતા પણ ત્યાં હાજર હતા. આ નેતાઓએ સવારે કારસેવકો સામે ભાષણબાજી કરી ને તેનાથી જોશમાં આવી ગયેલા હિંદુવાદી કાર્યકરોએ બપોર પછી બાબરી મસ્જિદને ધરાશાયી કરી નાંખી.

ભારતમાં હિંદુત્વના રાજકારણ માટે આ ઘટના ટર્નિંગ પોઈન્ટ હતી.

અયોધ્યામાં એક સમયે જ્યાં બાબરી મસ્જિદ ઉભી હતી ત્યાં આજે ભવ્ય રામમંદિર ઉભું છે પણ એક સમય એવો હતો કે જ્યારે રામમંદિરનું નિર્માણ શક્ય જ નહોતું લાગતું. તેનું કારણ એ હતું કે, બાબરી મસ્જિદને તોડ્યા વિના રામમંદિરનું નિર્માણ કરી શકાય તેમ નહોતું. બાબરી મસ્જિદ તોડવાની હિંમત કોઈ બતાવી શકતું નહોતું ત્યારે કલ્યાણસિંહે કળથી કામ લઈને એ કરી બતાવ્યું.

બાબરી મસ્જિદ તૂટી એ સાથે જ એક વિવાદ પણ ધરાશાયી થઈ ગયો. મુસ્લિમો જે મસ્જિદ માટે લડતા હતા એ મસ્જિદ જ ધરાશાયી થઈ ગઈ પછી વિવાદનો અંત આવી ગયો હતો. કોર્ટમાં કેસ ચાલતા રહ્યા પણ વાસ્તવમાં ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ જ બાબરી વિવાદનો અંત લાવી દેવાયેલો ને રામમંદિરના નિર્માણનો તખ્તો તૈયાર કરી દેવાયેલો.

આ તખ્તો ઘડવાનું શ્રેય નિઃશંકપણ કલ્યાણસિંહને જાય છે.

કલ્યાણસિંહે ભાજપ તથા હિંદુવાદી નેતાઓની સલાહથી બધું કર્યું હોય એ શક્ય છે પણ મુદ્દો કોના કહેવાથી તેમણે કર્યું એ નથી. મુદ્દો આખી દુનિયાની નજરમાં વિલન સાબિત થવા માટે જરૂરી હિંમતનો છે. પોતે જે વિચારધારામાં માનતા હતા એ વિચારધારાને વળગી રહેવાની મર્દાનગીનો છે ને કલ્યાણસિંહમાં હિંમત અને મર્દાનગી બંને હતાં.

■■■

કમનસીબે કલ્યાણસિંહને બહુ ઓછા લોકોએ યાદ કર્યા.

૬ ડિસેમ્બરે સોશિયલ મીડિયા પર ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહના જૂના ઈન્ટરવ્યૂની ક્લિપ વાયરલ થઈ હતી. બાબરી મસ્જિદ તૂટી ત્યારે કલ્યાણસિંહ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી હતા. આ ક્લિપમાં કલ્યાણસિંહ કહે છે કે, બાબરી મસ્જિદ તૂટી તેનો પોતાને કોઈ અફસોસ, રંજ, દુઃખ કે અફસોસ નથી. કલ્યાણસિંહે એમ પણ કહ્યું કે, ઘણાં લોકો ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના દિવસને ભારતના ઈતિહાસમાં સૌથી કલંકિત દિવસ ગણાવે છે પણ પોતે એવું નથી માનતા, બલ્કે ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના દિવસને દેશના ઈતિહાસમાં સૌથી ગૌરવપૂર્ણ દિવસ માને છે.

કેટલાક હિંદુવાદીઓએ કલ્યાણસિંહના મિજાજનાં વખાણીને તેમને સાચા હિંદુવાદી નેતા ગણાવીને વખાણ કર્યા પણ ભાજપના અને હિંદુવાદી સંગઠનોના નેતા પણ કલ્યાણસિંહને યાદ કરવાથી દૂર રહ્યા. તેનું કારણ કદાચ એ છે કે, ભાજપ અયોધ્યામાં રામમંદિરના નિર્માણનું બધું શ્રેય નરેન્દ્ર મોદીને આપે છે. મોદી વડાપ્રધાન બન્યા તેના કારણે જ અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ શક્ય બન્યું એ પ્રકારનો પ્રચાર જોરશોરથી કરીને મોદીના કારણે જ રામમંદિરનું નિર્માણ થયું છે એવો માહોલ ઉભો કરી દેવાયો છે.

વાસ્તવમાં અયોધ્યામાં રામમંદિરના નિર્માણનો તખ્તો સુપ્રીમ કોર્ટે હિંદુઓની તરફેણમાં આપેલા ચુકાદાના કારણે ઘડાયો હતો. સુપ્રીમ કોર્ટનો ચુકાદો મોદી વડાપ્રધાન હતા ત્યારે ૨૦૧૯માં આવ્યો પણ આ ચુકાદો ખરેખર તો ૨૦૧૦માં દિલ્હી હાઈકોર્ટે આપેલા ચુકાદા પર મંજૂરીની મહોર જેવો હતો.

રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન ટાઈટલ કેસ અંગે અલ્હાબાદ હાઈકોર્ટનો ચુકાદો ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ આવ્યો હતો. આ ચુકાદો જસ્ટિસ સિભઘત ઉલ્લાહ ખાન, જસ્ટિસ સુધીર અગ્રવાલ અને જસ્ટિસ ધરમ વીર શર્માની બનેલી ત્રણ જજોની બેન્ચે આપ્યો હતો. ૨:૧ ની બહુમતી સાથે અપાયેલા ચુકાદામાં કહેવાયેલું કે, અયોધ્યાની રામ જન્મભૂમિ સંકુલની ૨.૭૭ એકર જમીનને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવશે. આ પૈકીની એક તૃતીયાંશ સુન્ની વક્ફ બોર્ડને, એક તૃતીયાંશ જમીન નિર્મોહી અખાડાને અને એક તૃતીયાંશ હિંદુ મહાસભા દ્વારા રજૂ કરાયેલ 'રામ લલ્લા'ના મંદિર માટે અપાશે. હાઈકોર્ટે બાબરી મસ્જિદ ઉભી કરાયેલી એ જમીન ભગવાન રામના મંદિર માટે આપવાનો આદેશ આપેલો.

સુપ્રીમ કોર્ટે આ ચુકાદાને પડકારતી અરજી પર સુનાવણી પછી આપેલા ચુકાદામાં થોડો ફેરફાર કર્યો પણ ચુકાદાનું હાર્દ સાચવ્યું. રામ જન્મભૂમિ મંદિરની જમીન હિંદુઓની છે એ ચુકાદો સુપ્રીમ કોર્ટે પણ આપ્યો ને તેના કારણે રામમંદિરના નિર્માણનો રસ્તો સાફ થયો.

કલ્યાણસિંહે બહુ પહેલાં એટલે કે ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ આ ચુકાદાનો તખ્તો તૈયાર કરી દીધેલો.

■■■

કલ્યાણસિંહ ૧૯૯૦ના દાયકામાં હિંદુત્વના પોસ્ટર બોય હતા.

ઈન્દિરા ગાંધીની હત્યા પછી યોજાયેલી ૧૯૮૪ની ચૂંટણીમાં ભાજપને લોકસભામાં માત્ર બે બેઠકો મળી હતી અને ભાજપ સાવ પતી જવાના આરે આવીને ઉભો રહી ગયેલો. એ વખતે ભાજપને ફરી બેઠો કરવા લાલકૃષ્ણ અડવાણીની આગેવાનીમાં ભાજપના જે નેતા પૂરા ઝનૂન અને તાકાતથી હિંદુત્વના મુદ્દે મચી પડેલા તેમાં કલ્યાણસિંહ એક હતા. ઉત્તર પ્રદેશમાં પહેલાં કોંગ્રેસનો દબદબો હતો ને પછી મુલાયમસિંહ યાદવ સહિતના સમાજવાદી નેતા ઉભર્યા.

લોકસભાની ૧૯૮૯ની ચૂંટણીમાં વિશ્વનાથ પ્રતાપસિંહના જનતા દળે યુપીમાંથી કોંગ્રેસને સાફ કરી નાંખી ત્યારે ભાજપની સરકાર રચાશે એવી કોઈને કલ્પના પણ નહોતી. લોકસભાની ચૂંટણીમાં ભાજપને યુપીની ૮૫ બેઠકોમાંથી ૮ બેઠકો જ મળેલી ને ૧૯૮૯ની વિધાનસભાની ચૂંટણીમાં જનતા દળે સરકાર રચી હતી. એ વખતે ભાજપ ચિત્રમાં નહોતો લાગતો પણ હિંદુત્વના જોરે ભાજપે ૧૯૯૧માં સ્પષ્ટ બહુમતી મેળવીને સૌને સ્તબ્ધ કરી દીધેલા. યુપીમાં ભાજપની એ પહેલી સરકારના મુખિયા કલ્યાણસિંહ હતા. યુપી જેવા દેશના સૌથી મોટા રાજ્યમાં ભાજપનાં મૂળિયાં ઉંડાં કરવાનો યશ એ રીતે કલ્યાણસિંહને જાય છે.

કલ્યાણસિંહને હંમેશાં યાદ ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના કારણે રખાશે.

અયોધ્યામાં કારસેવા માટે એકઠા થયેલા કારસેવકોએ રામ જન્મભૂમિ સંકુલમાં ઉભેલી બાબરી મસ્જિદને ધ્વંશ કરીને સપાટ મેદાન કરી નાખ્યું એ વખતે ઉત્તર પ્રદેશની ગાદી પર કલ્યાણસિંહ બેઠા હતા. કલ્યાણસિંહે બાબરી મસ્જિદની કાંગરી પણ નહીં ખરવા દેવાનું કેન્દ્રની નરસિંહરાવ સરકારને વચન આપીને કારસેવકોને મનમાની કરવા દીધી ને બાબરીને ધરાશાયી થવા દીધી. કલ્યાણસિંહે સાચું કર્યું કે ખોટું કર્યું એ વિશે તુંડેઃ તુંડેઃ મતિર્ભિન્ના હોઈ શકે પણ આ ઘટના ભારતીય આઝાદીના ઈતિહાસમાં એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ તેમાં બેમત નથી.

કલ્યાણસિંહ જેવી હિંમત ગણો તો હિંમત ને દુસ્સાહસ ગણો તો દુસ્સાહસ, બીજો કોઈ મુખ્યમંત્રી બતાવી શક્યો હોત કે કેમ તેમાં શંકા છે. કલ્યાણસિંહે કારસેવકો બાબરી મસ્જિદ તોડતા હતા તેની સામે આંખ આડા કાન કર્યા તેમાં બાબરી મસ્જિદ ધ્વંશ થઈ ને અયોધ્યામાં રામમંદિર નિર્માણનો તખ્તો તૈયાર થયો. ભક્તજનો રામમંદિર નિર્માણનો યશ મોદીને આપે છે પણ આ યશના ખરા હકદાર કલ્યાણસિંહ હતા.

બાબરી મસ્જિદ ધ્વંશ ના થઈ હોત તો કોઈ સરકારમાં તેને પાડી દેવાની તાકાત નહોતી. બાબરી મસ્જિદ ઉભી હોત તો રામ જન્મભૂમિ મંદિરનો ચુકાદો પણ કદાચ ના આવ્યો હોત. આ વાત કોઈને 'જો અને તો'ની લાગશે પણ આ વાત સાવ સાચી છે.

કલ્યાણસિંહની આ હરકત બદલ નરસિંહરાવની સરકારે કલ્યાણસિંહ સરકારને બરતરફ કરી દીધેલી પણ કલ્યાણસિંહને તેનો અફસોસ નહોતો, કલ્યાણસિંહે ખાતરી આપ્યા પછી બાબરી મસ્જિદનું રક્ષણ નહોતું કર્યું. તેથી કોંગ્રેસની નરસિંહરાવ સરકારે મુસ્લિમોને રાજી કરવા ભાજપની ઉત્તર પ્રદેશ ઉપરાંત મધ્ય પ્રદેશ, રાજસ્થાન ને હિમાચલ પ્રદેશ સહિતની ચારેય સરકારોને ઘરભેગી કરી દીધેલી. ૧૯૯૩માં આ ચારેય રાજ્યોમાં ચૂંટણી થઈ ત્યારે ભાજપ રાજસ્થાન સિવાયનાં બાકીનાં ત્રણેય રાજ્યોમાં હારી ગયેલો. કલ્યાણસિંહ ભાજપને ફરી સત્તામાં પાછો નહોતા લાવી શક્યા પણ ૧૯૯૨ની બાબરી ધ્વંશની ઘટનાએ તેમને હિંદુવાદીઓના પ્રિય નેતા બનાવી દીધેલા.

બાબરી મસ્જિદ ધ્વંશના કારણે કલ્યાણસિંહ ઈતિહાસમાં પોતાની જગા બનાવી ગયા.

ભારતમાં અત્યારે ફરી ૧૯૮૦ના દાયકા જેવો માહોલ છે.

સંભલથી માંડીને અજમેર સુધીનાં ધર્મસ્થાનો અંગેના વિવાદો ઉભા થઈ રહ્યા છે. મુસ્લિમોનાં આ ધર્મસ્થાનો હિંદુ ધર્મસ્થાનોને તોડીને બનાવાયાં હોવાના દાવા થઈ રહ્યા છે.

આ વિવાદો થઈ રહ્યા છે એ રાજ્યોમાં ભાજપની જ સરકારો છે પણ ભાજપ પાસે અત્યારે કોઈ 'કલ્યાણસિંહ' નથી.

■ sanjogpurti@gmail.com

# બેટી પઢાવો, સંસ્કાર આપો, સમાજ બચાવો

**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા




એક દીકરી કહે છે કે મને મારા પપ્પા કરતા પણ વધારે સાંજ ગમે છે પપ્પા તો ખાલી ચોકલેટ લાવે છે પણ સાંજ તો મારા પપ્પાને લાવે છે. એ દીકરી આજે કયાં સુરક્ષિત છે. આજનો સૌથી મોટો પ્રશ્ન એ છે. પોતાના ઘરમાં કે કામની જગ્યા પર કયાં પોતાની જાતને સુરક્ષિત ગણવી.? "બેટી બચાવો બેટી પઢાવો યોજના" ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫ ના રોજ શરૂ કરવામાં આવી હતી. આ યોજના શરૂ કરવા પાછળનું કારણ દીકરીને રક્ષણ આપવાનું છે. આપણા સમાજમાં છોકરા-છોકરી વચ્ચેનો તફાવત એ કોઈ નવી વાત નથી. દેશના દરેક સમુદાયમાં, દરેક સમાજમાં અને તમામ વિસ્તારોમાં દીકરા અને દીકરીને લઈને એક જ અભિપ્રાય છે કે, પુત્ર વૃદ્ધાવસ્થામાં સહારો બનશે અને પુત્રી લગ્ન કરીને બીજાના ઘરે જશે! સમાજની આ વિકૃત વિચારસરણીએ પરિવારના સ્તરે જ પુત્રી અને પુત્ર વચ્ચે ભેદભાવ શરૂ કર્યો. આજે સ્ત્રી દુનિયાભરમાં પોતાનું આગવુ સ્થાન બનાવી રહી છે. ઘરથી માંડીને છેક અવકાશ સુધી પહોંચી છે. પોલીસ વિભાગ હોય કે શિક્ષણ કે કોર્ટ કે પછી રાજકિય શ્રેત્ર હોય હિમાલયથી માંડીને અવકાશ સુધી પહોંચી ગઈ છે છતાં પણ કયાંક ખૂટે છે. નોકરી કરતી સ્ત્રીને નોકરીની સાથે ઘર પણ સંભાળવુ પડે છે. છોકરા પણ સંભાળવા પડે છે. તો શું આ વિચારધારા થોડી અજીબ નથી?

દીકરી ઘરની ચાર દીવાલોમાં બંધાઈ ગઈ અને દીકરો સમાજમાં પોતાને સર્વોત્તમ માનીને ઘરની બહાર મુક્તપણે ફરવા લાગ્યો, જેનું પરિણામ આપણી સામે છે. જ્યારે અડધી વસ્તી સ્ત્રી અને અડધી વસ્તી પુરુષ છે. આપણા સમાજમાં દીકરા-દીકરી વચ્ચેના ભેદભાવની વિચારસરણીએ છોકરીઓનો ભણવાનો અધિકાર છીનવી લીધો છે, ઘરની બહાર જવાનો હક છીનવી લીધો છે, પુરુષની બરાબર ઊભા રહેવાનો અધિકાર પણ છીનવી લીધો છે. સ્ત્રી હંમેશા પુરૂષને અનુસરતી એક શાંત વસ્તુ બની ગઈ છે જેનો પુરુષો પોતાની વિચારધારા પ્રમાણે ઉપયોગ કરે છે. હદ તો ત્યારે જ થઇ ગઈ જ્યારે ટેક્નોલોજીના વિકાસે છોકરીઓને ગર્ભમાં જ મારી નાખવાની વિકૃત વિચારસરણી ફેલાવવાનું શરૂ કર્યું, જેના પરિણામે છોકરાઓ અને છોકરીઓ વચ્ચેના લિંગ ગુણોત્તરમાં નોંધપાત્ર રીતે ઘટાડો થયો.

ભારતની વસ્તીમાં વધારો હોવા છતાં, છોકરીઓનો ગુણોત્તર ઘટી રહ્યો હતો. ભારતની ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ, દર હજાર છોકરાઓ પાછળ ૯૨૭ છોકરીઓ હતી, જો કે ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં આ આંકડો ઘટીને ૯૪૩ છોકરીઓ પર આવી ગયો. 'બેટી પઢાવો બેટી બચાવો' યોજનાએ ચોક્કસપણે આ દિશામાં જાગૃતિ ફેલાવી છે. સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો દીકરીઓ માટે અસરકારક સાબિત થઈ રહ્યા છે પરંતુ સામાજિક સ્તરે આપણા સમાજમાં ઘણા સુધારાની જરૂર છે. છોકરાઓ અને છોકરીઓ વચ્ચેના સામાજિક તફાવતને કારણે, સામાન્ય લોકો પુત્રોને મહત્વ આપે છે, તેઓ હંમેશા એક વિચાર તેમના મનમાં રાખે છે કે 'જો પુત્ર હોય તો તે બધા કામ કરવા માટે સ્વતંત્ર છે, કારણ કે પુત્રનું સ્થાન હંમેશા દીકરી કરતાં ઉપર છે. જેના પરિણામે દીકરી સમાજમાં અસુરક્ષિત બની અને ઘરમાં પણ અસુરક્ષિત બની ગઈ, કારણ કે બળાત્કારના મોટાભાગના કિસ્સા ઘરમાં જ બને છે, નજીકના સંબંધીઓ દ્વારા જ! તેઓ પુરૂષો છે, તેઓ કોઈના પુત્ર છે, તેથી આ મુદ્દાને ગૌણ બનાવીને છોકરીને ચૂપ કરી દેવામાં આવે છે. શું બળાત્કાર, છેડતી, એસિડ એટેક વગેરે જેવા દુષ્કૃત્યોને સમાજ દ્વારા છોકરાઓને ઉત્તેજન આપવામાં આવે છે તેનું પરિણામ છે? આ દર્શાવે છે કે જો સમાજને સાચી દિશા આપવી હશે તો પુત્રોને સાચી દિશા આપવી પડશે. દીકરા અને દીકરી વચ્ચેનો તફાવત દૂર કરવો પડશે. છોકરાઓ દ્વારા થતા ગુનાઓને ઘટાડવા માટે 'બેટી પઢાવો બેટી બચાવો' અભિયાનની સાથે.

'બેટા પઢાવો સંસ્કાર આપો સમાજ બચાવો' જેવા અભિયાન હવે શરૂ કરવા પડશે. આ અભિયાન દીકરાઓ માટે હોવા જોઈએ. જિલ્લા પંચાયત અને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગોએ પણ આ બાબતે આત્મમંથન કરવું પડશે. છોકરાઓના મનમાં દીકરીઓ માટેના મૂલ્યો અને આદર કેળવવા માટે શાળાઓ, કોલેજો, ગામડાઓ, શહેરો અને વિવિધ સંસ્થાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવા પડશે. જનજાગૃતિ અભિયાન અંતર્ગત 'બેટા પઢાવો સંસ્કાર આપો સમાજ બચાવો' અભિયાન ચલાવવું જોઈએ. વર્તમાન સમયના સંજોગોને ધ્યાનમાં રાખીને આવી ઘટનાઓ દરરોજ પ્રકાશમાં આવે છે જે શરમજનક કહેવાય. આ બધાનું કારણ એ છે કે આજના છોકરાઓ ગેરમાર્ગે દોરાઈ રહ્યા છે.

પુત્ર અને પુત્રી વચ્ચેના તફાવતને કારણે, પુત્રના ઉછેરમાં, માતા-પિતા અને પરિવાર તરફથી અભાવ, પુત્રને પુરુષ હોવાનો બિનજરૂરી અહંકાર આપવામાં આવે છે જેના પછી માતા-પિતા, પરિવાર, સમાજ, ગામ તેમજ રાજ્યનું નામ બદનામ થાય છે. બનાવોનો ગ્રાફ દિવસેને દિવસે વધી રહ્યો છે. આ ગંભીર સમસ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. માતા-પિતા, પરિવાર, સમાજ, સરકાર અને વહીવટીતંત્ર માટે બેફામ છોકરાઓને સંભાળવું મુશ્કેલ છે. છેડતી જેવા બનાવો ઘટવાને બદલે વધવા માંડયા છે. અમુક કિસ્સામાં વાત બહાર જ નથી આવતી, બસ ઘુંટાઈને જીવવુ પડતુ હોય છે. આનું કારણ શું બતાવી શકાય. એ જ કે સ્ત્રીને હંમેશા મૌન રહેવાનુ. ઘણીવાર આપણામાંથી ઘણી બધી બહેનો સાથે કંઈક ને કંઈક તો એવું બન્યુ જ હોય છે જ્યારે આપણી ઈચ્છા ન હોવા છતા મૌન રહેવુ પડે છે. તો પછી સમાનતા કયાં છે ફકત વિચારોમાં? દીકરા અને દીકરીમાં કોઈ ફરક ન હોવો જોઈએ. લોકો પોતે જ આ પ્રકારની ઘણી વાતો કરે છે કે દીકરો અને દીકરી સમાન છે, પરંતુ વાસ્તવમાં આ સમાનતા ક્યાંય દેખાતી નથી, કારણ કે આપણા સમાજમાં માત્ર પુરુષોને જ મહત્વ આપવામાં આવે છે. સ્ત્રી ભલે ઘરમાં હોય કે ઓફિસમાં, પુરૂષો દરેક જગ્યાએ તેના પર પ્રભુત્વ ધરાવે છે. દરેક જગ્યાએ પુરૂષો ઈચ્છે છે કે સ્ત્રીઓ તેમની નીચે કામ કરે. તો શું પુત્ર, પુત્રી અને સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતાનો વિચાર ફક્ત એક વિચાર જ છે? સ્ત્રી ગમે તે વિભાગમાં કામ કરે, તેને હંમેશા નબળી ગણવામાં આવે છે. એવી ઘણી દીકરીઓ છે જે આ કપરી પરિસ્થિતિ પાર કરીને પણ નોકરી મેળવે છે, સમાજમાં આગળ આવે છે પણ કયાંક ને કયાંક ભુલ કરી બેસે છે એ ભુલની સજા દીકરી માટે તો મોત જ હોય છે. દીકરો એટલે કુલદીપક એ ગમે તે કરી શકે .શું આ વિચારધારા થોડી બદલવાની જરુર નથી?


વાત આટલે સુધી સીમિત નથી, જો કોઈ છોકરી પર બળાત્કાર થાય છે, તો તેનું કારણ તેના ટૂંકા કપડા બની જાય છે, અથવા તો રાત્રે બહાર જવાનું કારણ બની જાય છે. જો બળાત્કારને કારણે કોઈ છોકરીની હત્યા થાય છે, તો બધા રાજ્યોને દોષી ઠેરવે છે. શું આપણે ન્યાયની વાત કરવા, ન્યાય મેળવવા મીણબત્તી લઈને નીકળ્યા છીએ? પછી થોડા દિવસોમાં બધું ભૂલી જાય છે. મને નથી લાગતું કે આ બધું કરવાથી બળાત્કાર જેવી ઘટનાઓ રોકી શકાય. નાનપણથી જ છોકરીઓને આદર અને પ્રતિષ્ઠા વિશે શીખવવામાં આવે છે ખરા અર્થમાં આ બાબતો છોકરાઓને પણ શીખવવી જોઈએ. જો નાનપણથી જ દીકરાઓને સંસ્કાર શીખવવામાં આવે તો કદાચ આ બધું ઓછું થઈ જાય. આજકાલ આપણે એવા સમાચારો જોઈએ છીએ કે વર્ષો જૂના લગ્ન પણ તૂટી રહ્યા છે. શું આ સંબંધ ફક્ત પત્નીના કારણે જ તૂટે છે?

આવું દરેક વખતે નથી બનતું. આ માત્ર પતિ-પત્નીના સંબંધો પૂરતું સીમિત નથી. આજકાલ એક ટ્રેન્ડ ચાલી રહ્યો છે કે દરેક વ્યક્તિને શાનદાર ગર્લફ્રેન્ડ જોઈએ છે પણ પત્ની તો સંસ્કારી જ હોવી જોઈએ. તો શું આ મજાક નથી? કોઈ બનાવ બનતો હોય તો દસ જણા વીડિયો ઉતારતા હોય છે કોઈ મદદ કરવા નથી જતુ. પછી સ્ટેટ્સ પણ મૂકે છે કે આને ન્યાય મળવો જ જોઈએ. આ કયા પ્રકારની વિચારધારા છે.પુરુષ બે વાર લગ્ન કર્યા પછી પણ તેને દિકરો છે એવુ કહેવામાં આવે છે અને જો કોઈ સ્ત્રી ના બે વાર લગ્નન થાઈ તો તેને જીવનભર મેણાટોણા સાંભળવા પડે છે. જે કદાચ મારા આ નિવેદનથી દુઃખ થાય, પણ એ સાચું છે, શું તમને નથી લાગતું કે વિચારસરણીમાં પરિવર્તન લાવવાની જરૂર છે? જો પતિ તેની પત્નીને મદદ કરે છે, તો તેને પણ નીચું જોવામાં આવે છે, આ એક ગૌરવ ની વાત છે કે કોઈ તેની પત્નિ ને મદદ કરે. દરેકે સ્ત્રીનું સન્માન કરવું જોઈએ. આપણે ક્યાંકથી શરૂઆત કરવી પડશે. જ્યારે વિચારસરણી બદલાશે ત્યારે જ સમાજમાં પરિવર્તન આવશે. દરેક માતા-પિતાની જવાબદારી છે કે તેઓ તેમની દીકરીઓ સાથે તેમના પુત્રોને પણ મૂલ્યો શીખવે. આ કડવું હોઈ શકે છે પરંતુ તે સાચું છે. દીકરાઓને મૂલ્યોની જરૂર છે. બેટી પઢાવો બેટી બચાવો અભિયાનની સાથે સમય સંજોગોને ધ્યાનમાં રાખીને "બેટા પઢાવો સંસ્કાર આપો સમાજ બચાવો" જેવી ઝુંબેશ હાથ ધરવી જરૂરી છે. દેશની પ્રગતિ માટે મૂલ્યો જાળવવા ખૂબ જરૂરી છે એ યુવાનો સમજવા માંડે તો દેશની દીકરીઓ આપોઆપ સુરક્ષિત બની જશે.

■ naranbaraiya277@gmail.com

# સ્વ.રતન તાતા ન ભૂતો ન ભવિષ્યતિ...

**સામાજિક અને શૈક્ષણિક**
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)





દૂધમાં જેમ સાકર ઓગળી જાય તેમ રતન તાતાએ ભારતની ભવ્ય અને દિવ્ય ભૂમિમાં પોતાની જાતને હોમી "સેવાહી ઉપાસના"ને ચરિતાર્થ કરવા સમગ્ર ભારતને પોતાનો પરિવાર સમજી જેટલું કમાયા તેમાંથી ૬૬% દેશની વિવિધ શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રસેવા માટે દાન કરનાર ભામાશાનો દેહાંત થતા ભારતે અણમોલ રતન ગુમાવ્યું છે.

દેશ માટે ઊંચી ભાવના રાષ્ટ્રપ્રેમ અને માનવ પ્રેમનું ઝરણું રતન તાતામાં કાયમ માટે નિઃસ્વાર્થ ભાવે વહ્યું. જેના થકી રતન તાતાના જવાથી આખો દેશ શોકમાં ઘરકાવ થઈ રહ્યો છે. તેમનું કામ સદીઓ સુધી જીવંત રહેશે. આવા મહાપુરુષો આ દેશની ધરોહર છે. તેમના જીવન અને કવન વિશે યુવા પેઢી જાણી શકે તે માટે સારાંશ લેખ સ્વરૂપે દર્શાવ્યો છે. જે મારા વાચક વર્ગને ઉપયોગી બનશે.

રતન તાતાનો જન્મ ૨૮ ડિસેમ્બર, ૧૯૩૭ના રોજ બ્રિટિશ રાજ દરમિયાન મુંબઈમાં, એક પારસી જરથોસ્તી પરિવારમાં થયો હતો.તેઓ નવલ તાતાના પુત્ર હતા, જેમનો જન્મ સુરતમાં થયો હતો અને બાદમાં તેમને તાતા પરિવારમાં દત્તક લેવામાં આવ્યા હતા. રતન તાતાએ ૮મા ધોરણ સુધી કેમ્પિયન સ્કૂલ, મુંબઈ ખાતે અભ્યાસ કર્યો હતો. જે બાદ તેમણે મુંબઈની કેથેડ્રલ અને જોન કોનોન સ્કૂલ, શિમલાની બિશપ કોટન સ્કૂલ અને ન્યૂયોર્ક સિટીની રિવરડેલ કન્ટ્રી સ્કૂલમાંથી અભ્યાસ કર્યો, જ્યાંથી તેમણે ૧૯૫૫માં સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. સ્નાતક થયા બાદ, તેમણે કોર્નેલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો હતો, જ્યાંથી તેમણે ૧૯૫૯માં આર્કિટેક્ચરમાં સ્નાતકની પદવી મેળવી હતી. કોર્નેલમાં હતા ત્યારે તેઓ આલ્ફા સિગ્મા ફી ફેટરટીના સભ્ય બન્યા હતા. ૨૦૦૮માં, તાતાએ કોર્નેલને ૫૦ મિલિયન યુએસ ડોલરની ભેટ આપી હતી, જે યુનિવર્સિટીના ઈતિહાસનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય દાન ભંડોળ હતું. તેઓએ જમશેદજી તાતા દ્વારા સ્થાપિત બહુશાખીય કંપની સમૂહ તાતા જૂથના ચેરમેન તરીકે ફરજ બજાવી હતી. પોતાના ૭૬મા જન્મદિવસે તેમણે જૂથનું ચેરમેનપદ છોડીને સાયરસ મિસ્ત્રીને સોંપ્યું હતું. અલબત્ત તેમને જૂથનાં માનદ્ ચેરમેનપદે ચાલુ રાખવામાં આવ્યા હતા. રતન તાતાએ ક્યારેય લગ્ન કર્યા ન હતા અને તેમને કોઈ સંતાન નહોતું. ૨૦૧૧માં એક મુલાકાતમાં રતન તાતાએ જણાવ્યું હતું કે, ×હું ચાર વખત લગ્ન કરવાની નજીક પહોંચ્યો હતો અને દરેક વખતે મેં ડરથી અથવા એક યા બીજા કારણસર પીછેહઠ કરી હતી.

૨૮ ડિસેમ્બર ૧૯૩૭ - ૯ ઓક્ટોબર ૨૦૨૪ સુધી એક ભારતીય ઉદ્યોગપતિ અને પરોપકારી રહ્યાં. જેમણે ૧૯૯૦ થી ૨૦૧૨ સુધી ટાટા ગ્રુપ અને ટાટા સન્સના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી, અને ત્યારબાદ ઓક્ટોબર ૨૦૧૬ થી ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી વચગાળાના અધ્યક્ષ તરીકે સેવા આપી હતી. ભારત સરકાર દ્વારા તેમને ૨૦૦૦માં પદ્મભૂષણ અને ૨૦૦૮માં પદ્મવિભૂષણ નાગરિક સન્માન એનાયત કરવામાં આવ્યા હતા. અનેક શિક્ષણ સંસ્થા કોર્નેલ યુનિવર્સિટી (બેચલર ઓફ આર્કિટેક્ચર) માં પ્રદાન આપેલ છે. તેઓ વ્યવસાયે ઉદ્યોગપતિ, પરોપકારી વ્યક્તિત્વ ધરાવતા હતા. સૌમ્ય અને સૌજન્યશીલ વ્યકિતત્વ થકી અનેક પદની ગરીમા ચેરમેન એમેરિટસ, ટાટા સન્સ અને ટાટા ગ્રૂપ પદ અવધિ ૧૯૯૧–૨૦૧૨ અને૨૦૧૬–૨૦૧૭ પુરોગામી જે. આર. ડી. તાતા અનુગામી સાયરસ મિસ્ત્રી (૨૦૧૨–૨૦૧૬) નટરાજન ચંદ્રશેખરન (૨૦૧૭–વર્તમાન) હવાલો સંભાળી રહ્યા છે. તેમની કામગીરી જ તેમના પુરસ્કારો છે. વર્ષ ૨૦૦૮માં રાષ્ટ્રપતિ ભવનમાં રતન તાતાને પદ્મ વિભૂષણ સન્માન તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલે રતન તાતાને અર્પણ કર્યો હતો. ૨૦૦૦માં પદ્મભૂષણ અને ૨૦૦૮માં પદ્મવિભૂષણ પુરસ્કાર મળ્યા હતા, જે ભારત સરકાર દ્વારા આપવામાં આવતા ત્રીજા અને બીજા ક્રમના સર્વોચ્ચ નાગરિક સન્માન છે. તાતાને ૨૦૦૬માં મહારાષ્ટ્રમાં જાહેર વહીવટમાં તેમના કાર્ય માટે 'મહારાષ્ટ્ર ભૂષણ' અને આસામમાં કેન્સરની સંભાળને આગળ ધપાવવામાં તેમના યોગદાન બદલ ૨૦૨૧માં 'આસામ વૈભવ' જેવા વિવિધ રાજ્ય નાગરિક સન્માનો પણ પ્રાપ્ત થયા છે. ઓર્ડર ઑફ ઑસ્ટ્રેલિયા (૨૦૨૩) પણ મળ્યો હતો.

આપે અંતિમ શ્વાસ લીધા ત્યારે સ્વર્ગવાસમાં આપની હયાતી એ માનવનું પૂણ્ય અને પરોપકારી જીવ દેખાય છે. આપે બિઝનેસમેન તરીકે નહીં પરંતુ પરોપકારી ઉદ્યોગપતિ તરીકે વિશ્વમાં ભારતની ઓળખ ઊભી કરી છે. મારા આટલા વર્ષના જીવનકાળમાં મેં માત્ર એક માણસ એવો જોયો કે જેના મરણ પછી માત્રને માત્ર વખાણ સાંભળવા મળ્યા. આ એક માણસ એવો મળ્યો કે જેમાં બધાં જ સદગુણ હતાં. આ એક માણસ એવો હતો કે જે દેશ, માનવકલ્યાણ માટે જ જીવતો હતો. સતયુગના ભીષ્મને આજે પણ યાદ કરીએ છીએ. રતન ટાટા આ યુગના ભીષ્મ જ ગણાયને! આપણા સૌ માટે એક 'માઈલ સ્ટોન' પ્રસ્થાપિત કરીને ગયા છે કે જીવન આવું અને આવી રીતે જીવાય. આપણે ત્યાં સુધી ન પહોંચી શકીએ પણ દિશા તો એ જ રાખીએ. હે રતન તાતા હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર. આપના માટે સ્વર્ગના બધા દરવાજા ખુલ્લા હશે. પણ ઈશ્વરને મળી, નવી શક્તિનો સંચાર મેળવી શક્ય એટલા વહેલાં પૃથ્વી પર પાછા પધારો. આ પૃથ્વી ત્રીજા વિશ્વયુધ્ધના મેદાનમાં પગ મૂકવા જઈ રહી છે. એને ફરી બેઠી કરવા તમારી જેવા હાડ ચામ અને હામવાળા માણસની જરૂર પડશે. તમે આવશો ત્યાં સુધી અમારી જેવા અનેક નાના લોકો માનવતાના કોડિયાંને સાચવવા મથતાં રહીશું.

એક કર્મયોગી ઉદ્યોગપતિ ભામાશા બનીને વીરગતિ પામ્યા તેવા રતન તાતા અનેક લોકોના આંખમાં અશ્રુભીની લાગણી વહાવીને ૮૬ વર્ષની ઉંમરે ૯ ઑક્ટોબર ૨૦૨૪ની મોડી રાત્રે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલ ખાતે તેમનું નિધન થયું. દાનના એક યુગની સમાપ્તિ થઈ હોય તેવું પ્રતિત થાય છે. આ ભારતની ભૂમિએ આવા રતનને જન્મ આપ્યો છે. તેને વંદન કરુ છુ. આ લેખના શબ્દોથી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

■ Mo.9825702282

# એલોવેરા વિષેની માહિતી




બજારમાં એલોવેરાની જેલ ટ્યૂબ જૂદીજૂદી કંપનીની મળતી હોય છે જેમાં ફ્લેવર પણ આવે છે, જેમકે કેસર- ચંદન, લીમડો જેવી જૂદી જૂદી ફ્લેવર જેને પસંદ હોય તેવી બજારમાંથી ખરીદતા હોય છે. મોટા ભાગના લોકો ઘરે ક્યારામાં કે કૂંડામાં એલોવેરા ઉગાડતા હોય છે. એલોવેરાની જેલ ચામડી પર લગાવવાથી ચામડી ચમકદાર લાગે છે. ખીલના ડાઘા દૂર થાય છે. તો ચાલો આપણે એલોવેરાના છોડ વિષે વિગતવાર જાણીએ.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

આપણા દેશમાં કુંવારની ૩ પ્રસિધ્ધ જાતોમાંથી બે જાતિ ભારતમાં વધુ થાય છે. (૧) **ALOE-VERA** તે ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશમાં થોડા વધુ પ્રમાણમાં સર્વત્ર થાય છે. મદ્રાસ- રામેશ્વર તરફ સમુદ્ર કિનારે તેનાં નાના છોડ **ALOE-INDICA** થાય છે. (૨) જાફરાબાદી કુંવાર(**ALOE LITOTATIS**) તે સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લામાં તથા ખંભાતની ખાડીઓમાં વધુ થાય છે. કેટલાક સ્થળે કુંવારના વન થાય છે.

લસણના કુળની આ બહુવર્ષાયુ વનસ્પતિના માંસલ (દળદાર) છોડ ૧ થી ૨ ફુટ ઉંચા થાય છે. તે પ્રાયઃ જમીનમાં આપોઆપ થાય છે તથા તેના પાન હથેળી જેવા જાડાં, રસભર્યા, ખૂબ ચળકતાં, લીસાં અને મૂળમાંથી જ એક સાથે નીકળેલ હોય છે. પાન નીચે પહોળું અને ઉપર જતા ભાલાની જેમ સાંકડું અણીદાર હોય છે. પાનની બન્ને કિનારી પર બારીક કાંટા થોડા થોડા અંતરે હોય છે. પાન ૧૦ ઈંચથી ૨ ફુટ લાંબા અને ૨ થી ૪ ઈંચ પહોળાં (નીચે) થાય છે. પાનમાં સફેદ- પીળો, કડવો, ચીકણો ગર્ભ હોય છે. નારંગી રંગના પુષ્પ કે ૧ થી ૧.૫ ઈંચ લાંબી ફળી આવે છે. ફુલ ખાવામાં મીઠા અને ઉગ્ર ગંધના હોય છે. કુંવારના છોડ પાણી વિના પણ મરતા નથી.

એલોવેરા રેતાળ માટી અને ગરમ તાપમાનવાળા ક્ષેત્રમાં ખૂબ ઝડપથી ઉગે છે. જેમાં વધારે પાણીની જરૂર પડતી નથી.

- ખેતી માટે એવી જગ્યા પસંદ કરવી જ્યાં પાણી અને ભેજ ના હોય, જમીન થોડી ઊંચાઈ પર હોવી જોઈએ. જેના કારણે વરસાદનું પાણી ભરાવાનો પણ ડર ન રહે.

- ચોમાસા પહેલા ખેતરને ખેડવું સારું રહે છે. એકવાર ખેડ્યા બાદ ૧૨-૧૫ ટન ખાતર મિક્ષ કરીને ફરીથી ખેડવું જોઈએ. - છાણના ખાતરની સાથે યુરિયા, ફોસ્ફરસ, પોટાશને પણ સરખી માત્રમાં નાખવું જોઈએ. ત્યારબાદ ખેતરમાં ૫૦x૫૦ સેમી.ના અંતર પર ક્યારા બનાવી લેવા.

- છોડને કોઈપણ સમયે વાવી શકો છો, જોકે વધારે સારો સમય જૂન-જુલાઈનો હોય છે.

આજના સમયમાં એલોવેરાને મેડિસીન અને કોસ્મેટિક બંને રીતે ઉપયોગમાં લેવામાં આવે છે. લોકો હવે પોતાની તંદુરસ્તી માટે નેચરલ પ્રોડક્ટ તરફ વળી રહ્યા છે. આજે એલોવેરા જેલનું એક મોટુ માર્કેટ ઉભુ થઈ રહ્યુ છે. નીચેની જાણીતી કંપનીઓ સાથે ખેડૂતો પાક ઉગાડતા પહેલાં જ કોન્ટ્રાક્ટ કરી શકે છે.

(૧) પતંજલિ આયુર્વેદ લિમિટેડ, (૨) વિટ્રોમેડ હેલ્થ કેર, (૩) રટ્ટન ઓર્ગેનિક ફૂડ પ્રાઈવેટ લિમિટેડ,

(૪) શ્રી બૈદ્યનાથ આર્યુવેદ ભવન પ્રાઈવેટ લિમિટેડ, (૫) બ્રાઈટ લાઈફકેર પ્રાઈવેટ લિમિટેડ, (૬) એક્સિમો આયુર્વેદ, (૭) બોટનિકા ઈન્ડિયા, (૮) કપીવા આયુર્વેદ, (૯) નરીશ વિટલાસ, (૧૦) કામા આયુર્વેદિક.

આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ડિમાન્ડઃ- યુરોપીયન દેશોમાં એલોવેરા જ્યુસનું મહત્વ વધી રહ્યું છે. વળી એલોવેરાનો ઉપયોગ કોસ્મેટિક આઈટમોમાં થતો હોવાને કારણે પણ તેની માંગ વધી રહી છે. વળી ત્યાંના સુપર માર્કેટની પ્રખ્યાત ચેન પણ સીધુ ખેડૂતો સાથે જોડાણ કરીને એલોવેરા ખરીદે છે.

આંતરાષ્ટ્રીય કંપનીઓ:

(૧) ઓકેએફ કોર્પોરેશન (૨) એએલઓ ડ્રિંક્સ (૩) કેયુમકંગ બી એન્ડ એફ કો. લિમિટેડ (૪) લોટે ચિલસંગ બેવરેજ કો, લિમિટેડ (૫) તુલીપ ઈન્ટરનેશનલ ઈન (૬) મેડિકેપ્સ લિમિટેડ (૭) એલો ફાર્મસ (૮) ફોરેવર લીવિંગ પ્રોડક્ટસ (૯) હૂસી ગ્લોબલ. આ અને આના જેવી અન્ય કંપનીઓ ખેડૂતો સાથે કરાર કરતી હોય છે.

આમ, એલોવેરામાંથી આવક પણ મેળવી શકાય છે.

hemangidmehta@gmail.com

# બોસ બોસ બોસ, તમે ધીરાં ખમો, આમ ઓચિંતા ઉતાવળા ના થાવ



"બકા હમણાં હમણાં દેખાતો નથી. તો કાંઈ નવો ધંધો બંધો ચાલું કર્યો કે શું ?"

"ના બોસ, ના. પણ, તમને ખબર નથી ? દીકરાનું બારમું છે."

"લે ..! શું વાત કરે છે? કયારે થયું ? કેમ થયું? અને ગાંડાભાઈ કે'તોય નથી. આવડી મોટી ઘટના ઘટી ગઈ અને બોલતોય નથી. બારમું આવી ગયું ત્યાં સુધી મને ખબર નાં પડી."

"બોસ બોસ બોસ, તમે ધીરાં ખમો. આમ ઓચિંતા ઉતાવળા ના થાવ. તમે જે બારમું ધારો છો. એવું અને ઈ આ બારમું નથી. છોકરાંને બારમું ધોરણ છે.

અને ધોરણ એક થી અગિયાર એ ભણ્યો ત્યાં સુધી તમને ખબર જ ના પડી? "

"અરે પણ, તારે છોકરાં કેટલાં? અને કોણ કેટલામું ભણે છે ઈ કેમ ખબર પડે !?"

"તમેય તે શું બોસ. અમારે ગરીબ માણસને વળી કેટલાક છોકરાં હોય ! ચાર પાંચ હોય એટલે ભયો ભયો. અને મેં તો હાંભળ્યું છે કે, હવે નવી ડિમાન્ડ ઉભી થવાની છે. કે, દરેકને બે ચાર બાળકો તો હોવાં જ જોઈએ. નહીંતર એક દિવસ એવો આવશે કે, આજે દુનિયાભરમાં સૌથી યુવાન દેશ આપણો ભારત દેશ છે. એ જ દેશ ઘરડો દેશ થઈ જશે.



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

હાસુ ખોટું રામ જાણે. પણ આ તો છાપાની ભાષા છે. અને તમને કહું છું."

"એટલે હજીય તારે સ્કોર વધારવો છે એમ ??"

"ના બોસ ના. અમારે ગરીબ માણસને આટલાં બસ. પછી આવડી મોટી મોંઘવારીમાં મોટાં કેમ કરવાં? ભણાવવા કેમ ?? પગલે પગલે પૈસા મૂકવા પડે. અને સરવાળે સોના કરતાં ઘડામણ મોંઘું થાય."

"બકા, સોના કરતાં ઘડામણ મોંઘું. આ કહેવત છે.

ક્યારેય તે સોના કરતાં ઘડામણની કિંમત વધારે જોઈ છે?? ભલે ! ઘડામણની કિંમત માથાંભારે હોય છે. પણ, સોના કરતાં તો ઓછી જ હોય છે."

"ના બોસ ના. કહેવત કાંઈ એમ જ થોડી પડે ?

કાંઈક તો એવું હશે જ."

"બકા આ સાહિત્યકારોને કોઈ ના પૂગે. એમ જ થોડું કહેવાયુ હશે કે, 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ.' એટલે એમ જ કહેવત પડી હશે."

"બોસ બોસ. તમે છાપાનો મહાવરો રાખતાં જાવ.

બિચારા રાત 'દિ એક કરીને સમાચાર છાપે છે. અને એ જ સમાચારને તમે નજર અંદાજ કરો છો."

"હું કાંઈ હમજયો નહીં બકા. જરાં ફોડ પાડીને વાત કર."

"જૂઓ બારની વાત હાલે છે. એટલે બાર વર્ષ પહેલાં એક ભૂગર્ભ ગટરનું કામ થયું હતું. અને એનો ખર્ચ હતો નવ કરોડ. આ ગટર તો ક્યાંરેય હાલી નહીં. હવે એ ગટરને રિપેરિંગ કરવાનો ખર્ચ જ થશે દસ કરોડ. તમે જ કહો આને સોના કરતાં ઘડામણ મોંઘું. આ કહેવત પરફેક્ટ બેસી કે નહીં !?"

"નવ કરોડની ગટરમાં રિપેરિંગનો ખર્ચ દસ કરોડ ??"

"હા હા તમે બરાબર સાંભળ્યું છે. ને મે બરાબર વાંચ્યુ છે. બાકી છાપાની વાત છાપાવાળા જાણે."

"પણ, બકા તો તો ગટરનાં ભુંગળાનું એક નાળચું કોન્ટ્રાક્ટના ઘરે નીકળતું હશે. અને ન્યાં રૂપિયાનો ઢગલો થતો હશે. ગટર તો ના હાલી પણ, એનુ ઘર ચોક્કસ હાલ્યું હશે. ભુંગળામાં નોટોનો ડાટો લાગી ગયો હશે. પછી મફતનું પાણી ક્યાંથી હાલે.

ભુંગળાને નોટોનું વ્યસન થઈ જાય. પછી સાદું પાણી ના ફાવે.

પણ, ઈ હંધૂય સરકારનાં ઈશારે હાલતું હોય છે. આપણે એમાં જાજુ માથું ના મરાય. પેલાં ઈ કે,

છોકરાને બારમું છે. તો તને કેમ ઉપાધી છે??"

"બોસ, તમે કઈ દુનિયામાં જીવો છો? છોકરાને બારમું હોય એટલે આખાં ઘરની ઊંઘ ઉડી જાય."

"કેમ ? તારે એને હું બનાવવો છે??"

"ડોક્ટર..! વળી બીજું શું."

"હવે તું રોંઢા હૂધી જ ભણ્યો. અને છોકરાને ડોક્ટર!?"

"હા..આ..! તમને કાંઈ વાંધો છે?"

"છોકરો કેટલામાં ડોક્ટર બને ઈ ખબર છે ??"

"ખોરડું વેચી દેહું. અને જરૂર પડી તો જમીન પણ વેચી દેહું. બિહારમાં જમીન વેચી વેચીને જ નોકરી લીધી છે. આપણે તો..."

"બકા ! તારે છોકરાને ડોક્ટર જ બનાવવો છે ને.

હા, મારે ડોક્ટર જ બનાવવો છે."

"તારી પાંહે પૈસા કેટલાં??"

"વાત તો કરી ખોરડું અને જમીન વેચી દેહું."

અભણ અમથાલાલનો હવે વારો આવ્યો.

"બકા, તારી પાંહે સીતેર હજાર રૂપિયા છે?"

"એટલાં તો ઉછીનાં પાછીનાં થઈ રેય. પણ એટલાં તો બારમાંના ટ્યુશનમાં વયા જાય. ડોક્ટર થોડો બને? "

"તારે રોટલાંનું કામ કે ટપાકાંનું !?? રૂપિયા સીતેર હજારમાં બત્રીસ વર્ષથી ડોક્ટર બનાવવાનું કારખાનું હાલે છે. અત્યાર સુધીમાં તેરસોથી પણ વધારે ડોક્ટરો બની ગયાં છે. અને જનતાની સેવા કરી રહ્યા છે..!!!"

તો પછી સરકારનું આ ખાતું શું કરે છે?

ખાતું તો ખાતું હોય છે..!!!

kalubhaibhad123@gmail.com

# પ્રેમલગ્નો શા માટે નિષ્ફળ જાય છે ?



પ્રેમલગ્નમાં 'મેળવવા' ની તુલનાએ 'આપવાની' ભાવના વધુ મહત્વ ધરાવતી હોવી જોઈએ. જો એક પક્ષ આપ્યા કરે અને બીજો પક્ષ પામ્યા કરે તો તે લગ્નનું સંતુલન ખોરવાઈ જાય છે. બંને વચ્ચે અસંતોષ અને કંકાસ જન્મ લે છે. બંને પક્ષે લગ્નમાં પરસ્પર પ્રેમની ભાવનાના મહત્વને સમજવું જોઈએ, તેઓએ પ્રેમનું બીજ વાવીને તેના છોડનું જતન સાથે મળીને કરવું જરૂરી છે.

- કેટલાંક લગ્નોમાં વડીલોની દખલગીરી મુશ્કેલીઓ ઊભી કરે છે. ત્રીસ ટકા જેટલાં કિસ્સામાં આમ બને છે. યુવતીના માતા-પિતા કેટલીકવાર પોતાની દીકરીને ઘર ચલાવવા અંગે નાણાંના વ્યવહાર અંગે આપખુદની જેમ વર્તીને દોરે છે જે છેવટે નવયુવલ વચ્ચે તાણ ઊભી કરીને કડવાશ સર્જે છે.

- જયારે પતિની ભૂતપૂર્વ મિત્ર અથવા પત્નીનો ભૂતપૂર્વ મિત્ર તેઓના જીવનમાં પ્રવેશે છે ત્યારે નવપરીણીતો વચ્ચે કડવાશ જાગે છે. જૂનાં મિત્રો સાથેની ઘનિષ્ટતા કે આકર્ષણ જ્યારે દેખાય ત્યારે બંનેના મનમાં દગો દીધાની લાગણી ઉત્પન્ન થાય છે. જૂનાં મિત્રો જો વધુ મીઠા, આનંદી અને પ્રેમાળ બને તો લગ્ન - સંસ્થાના પાયા હચમચી જાય છે.

જાતિય વિસંવાદિતા :-

સંવનકાળ દરમ્યાન યુવક - યુવતી જાતિય પ્રવૃત્તિમાં આગળ વધી શકતા નથી. તેથી આવી કોઈ વિસંવાદિતા ધ્યાનમાં આવતી નથી. લગ્ન પછી આવી અસંગતિ ધ્યાનમાં આવે છે અને અસંતોષ શરૂ થઈ જાય છે. જે લગ્ન - વિચ્છેદમાં પરિણામે છે. પ્રેમલગ્ન કરનારા યુગલોમાં પચાસ ટકા જેટલાં યુગલોના કિસ્સામાં આમ બને છે.

આર્થિક સ્થિતિ :-

સંપન્ન ઘરની યુવતી હંમેશાં પોતાની આર્થિક સધ્ધરતાને ટકાવવાની ઈચ્છા રાખતી હોય છે. પતિ જો આર્થિક રીતે સમૃધ્ધ ના હોય તો યુવતીને તે પરિસ્થિતિમાં રહેવામાં મુશ્કેલી પડે છે.

સંવાદનો અભાવ :-

કેટલીક વાર યુવક-યુવતી નિખાલસતાથી વાતચીત કરતા નથી. એકબીજાની ઘણી બાબતોથી તેઓ અજાણ હોય છે. તેઓને એકમેકમાં શ્રધ્ધા હોતી નથી. અશ્રધ્ધા કે અવિશ્વાસ ઘણીવાર લજાની ભાવનાને મારી નાખે છે.

પ્રેમલગ્નના કેટલાંક ફાયદા પણ છે. જો બંને પાત્રો સચ્ચાઈપૂર્વક વર્તે તો ધર્મ કે જાતિના સીમાડા પણ નડતા નથી. જે આજના સમાજ માટે આશિર્વાદ સમાન છે. હવે તો યુવક-યુવતીને મળવાની તકો વધી ગઈ હોવાથી પ્રેમલગ્નોનું પ્રમાણ વધતું જાય છે. સફળ પ્રેમલગ્નો કેવા હોય છે. તે હવે જોઈએ.

સફળ પ્રેમલગ્ન કરનારા યુગલોના શરીરમાં રકતની જેમ જ પ્રેમ વહેતો હોય છે. તેઓ આનંદ - ઉત્સાહ પૂર્વક પોતાના જીવન જીવતા હોય છે. તેઓની સફળતાનું કારણ શું હોય છે ? બાકીના પચાસ ટકા પ્રેમલગ્નો નિષ્ફળ ના જાય તે માટે તેઓએ શું કરવું જોઈએ ?

- તમારા જીવનસાથીમાં શ્રધ્ધા રાખો.

આ એક ખૂબ મહત્વની બાબત છે. જીવનસાથીમાં વિશ્વાસ હોય તો ઘણી સમસ્યાઓ ઉગતા પહેલાં જ રોકાઈ જાય છે. શંકા કે અટકળને કોઈ સ્થાન ના હોય તે પરીણિત યુગલે જોવું જરૂરી છે. કોઈ ત્રીજી વ્યક્તિ લગ્નજીવનમાં બાધા ના ભાવે તેનું તેઓએ ધ્યાન રાખવું જોઈએ. તે ત્રીજી વ્યક્તિ ચાહે તેઓના માવતર જ કેમ ના હોય ? તેઓ બંને એકમેક માટે બન્યા છે તે ભાવના તેઓના હૃદયના ઊંડણમાં હોવી જરૂરી છે.

- નિખાલસ રહો.

ખુલ્લાપણું ખૂબ સારો ગુણ છે. સામેની વ્યક્તિની ખામીઓની સાથે તેના ગુણોને જોવા અને તેમનું મૂલ્ય સમજવું જરૂરી છે. ગેરસમજો ના થાય તે માટે નિખાલસ બનવું જરૂરી છે. આમ તો ઘણો પરિચય હોવાથી બંને એકમેકને સારી રીતે જાણતા હોય છે. છતાં પણ બંનેએ કોઈ વાત છુપાવ્યા બિના પોતાનું સાચું સ્વરૂપ અને સાચી સ્થિતિ બહાર લાવવી જરૂરી છે. બંનેએ પરસ્પરની નિખાલસતાને બિરદાવવી પણ જોઈએ. આમ કરવાથી બંનેના મનમાં એકમેક માટે માન અને પ્રેમ વધશે.



જીવન તરંગ
જયસ્વી પટેલ


ગુણોની કદર કરો.

કદર કે પ્રશંસા દરેકને પસંદ આવે છે. સામેની વ્યક્તિના ગુણોને જોવા અને તેની કદર કરવી સંબંધોની સુદઢતા માટે જરૂરી છે. જરૂર પડયે અન્ય લોકોની હાજરીમાં તમારા સાથીદારના ગુણોનો સ્વીકાર કરો. કદર તેમ જ પ્રશંસા પરસ્પરના મનમાં પ્રેમ અને વિશ્વાસ જગાવે છે. સાથીદારની વિશેષતાઓને યાદ રાખો.

કોઈ વ્યક્તિ જ્યારે પોતાના જીવનસાથીની પસંદગી કરે છે ત્યારે તેના મનમાં તે વ્યક્તિ માટે વિશેષ ભાવ હોય છે. સામેની વ્યક્તિમાં કોઈ વિશેષ ગુણ તેને દેખાય છે જે તેને આકર્ષે છે. બંનેના મનમાં આ પ્રકારનો ભાવ જાગે ત્યારે પ્રબળ ખેંચાણ કે આકર્ષણ ઊભું થાય છે. આવા વિશેષ ગુણને હંમેશાં યાદ રાખો. ડાયરીમાં લખીને પણ રાખી શકાય. દર મહિને એકવાર આ ડાયરી વાંચવાનું રાખો. જ્યારે પણ કોઈ શક કે નિરાશા જાગે ત્યારે આ ડાયરી વાંચો. એ વાંચવાથી તમારો વિશ્વાસ પાછો આવશે. (ક્રમશઃ)

sanjogpurti@gmail.com

# શિંગોડાં ભાઈ શિંગોડાં!



મીન્ટુ અને ચીન્ટુ પાક્કા ભાઈબંધ. સાથે જ રમે ને સાથે જ ફરે. જાણે લવ-કુશની જોડી જ જોઈ લ્યો! એક વખત ફરતાં ફરતાં બંને તળાવે જઈ ચડ્યા. તળાવ પાણીથી છલોછલ ભરેલું હતું. લીલુંછમ ઘાસ ને વનસ્પતિ ઊગ્યાં હતાં. નાની-મોટી માછલીઓ તળાવમાં આમતેમ તરતી હતી. આ જોઈ બંને રાજીરાજી થઈ ગયા.

"એ... ચીન્ટુ! જો તો ખરો! પેલું નાનું નાનું કાળું કાળું શિંગોડું! કેવું સરસ છે! મને તો શિંગોડાં બહુ ભાવે! ચાલને તોડી લઈએ!" - અચાનક મીન્ટુ બોલ્યો.

"હા... હા... ચાલ તોડી લઈએ. મારા દાદા પણ અમારા સૌની માટે શિંગોડાં લઈ આવે છે. મને તો શિંગોડાં ખુબ ભાવે." - એમ કહેતાં મીન્ટુ અને ચીન્ટુએ શિંગોડું તોડવા હાથ લંબાવ્યો.

તરત પેલું નાનું નાનું શિંગોડું બોલ્યું, "ચીન્ટુ-મીન્ટુ હજુ તો હું સાવ નાનકડું છું. જો તમારે મારો સ્વાદ માણવો જ હોય તો હું જ્યારે મોટ્ટુ મોટ્ટુ થાઉં ત્યારે આવજો. મને ને મારાં ભાઈભાંડુંને લઈ જજો ને મોજ કરજો."

આ સાંભળી બંને ભાઈબંધ રાજીરાજી થઈ ગયા ને પૂછ્યું, "અરે ભાઈ શિંગોડા! પણ તું મોટ્ટુ મોટ્ટુ ક્યારે થઈશ એ તો કહે!"

"બસ! થોડા દિવસ પછી તમે આવશો ત્યારે હું મોટ્ટુ મોટ્ટુ હોઈશ." આમને આમ થોડા દિવસો પસાર થઈ ગયા. ચીન્ટુ-મીન્ટુ દરરોજ ભેગા મળે ને વિચારે હવે તો શિંગોડું આવડું થઈ ગયું હશે! આવડું મોટ્ટુ થઈ ગયું હશે! ચીન્ટુએ મીન્ટુને કહ્યું, "ચાલને યાર! ફરી તળાવે જઈએ ને પેલું શિંગોડું કેવડું થયું એ જોતા આવીએ." એમ વિચારી વળી પાછા બંને તળાવે ગયા.

શિંગોડાને જોઈ ચીન્ટુ-મીન્ટુ રાજીરાજી થઈ ગયા. શિંગોડું પણ બંનેને જોઈ ખુશખુશ થઈ ગયું. ને બોલ્યું, "વળી પાછા તમે આવી ગયા એમને! તમને જોઈ મને પણ ખુબ આનંદ થયો. પણ જુઓ તો ખરા, હજુ તો હું સહેજ મોટું થયું છું. હજુ પણ તમારે થોડા દિવસો રાહ જોવી પડશે. તમે ઉતાવળા થાઓ તે નહીં ચાલે હોં! જુઓ તો ખરા, હજુ તો મારા ભાઈભાંડું પણ મારી જેમ જ થોડા જ મોટા થયા છે."

"શિંગોડાભાઈ, હજુ પણ અમારે રાહ જોવી પડશે! તમે જલદી જલદી કેમ મોટા મોટા થઈ જતા નથી. અમારે તો તમને અમારા ઘરે લઈ જવા છે ને તમારો સ્વાદ માણવો છે."

"તમે બંને ભાઈબંધો પણ ખરા છો હો! જેમ તમને મોટા થવામાં સમય લાગે એમ અમને પણ સમય લાગે કે નહીં!"

"હં... એ ખરું હોં! સાવ સાચી વાત! સારું ત્યારે, અમે હજુ પણ થોડા દિવસ રાહ જોઈશું." આમ કરતાં કરતાં વળી પાછા થોડા દિવસો પસાર થયા અને ચીન્ટુ-મીન્ટુને થયું લાવો હવે વળી પાછા તળાવે જઈએ હવે તો શિંગોડું જરૂર મોટું મોટું થઈ ગયું હશે. આજે તો આપણે એને સાથે લઈને જ આવીશું.

બંને ભાઈબંધો ઝડપભેર તળાવ ભણી ચાલ્યા. જઈને જોયું તો હવે શિંગોડું મોટું મોટું થઈ ગયું હતું. શિંગોડાને જોઈ તેઓ રાજી રાજી થઈ ગયા. શિંગોડું પણ બંને મિત્રોને જોઈ રાજીરાજી થઈ ગયું. ચીન્ટુ-મીન્ટુ બોલ્યા, "શિંગોડાભાઈ, હવે તો તમે મોટા મોટા થઈ ગયા હોં! હવે તો તમારે અમારી સાથે આવવું જ પડશે." શિંગોડાએ પણ કહ્યું, "હા ભાઈ હા! હવે તો હું અને મારા ભાઈભાંડું મોટા મોટા થઈ ગયા. હવે તમે અમને અહીંથી લઈ જાવ ને મોજ કરો."



રે વાર્તા!
મનીષ સુથાર

શિંગોડાની વાત સાંભળી ચીન્ટુ-મીન્ટુ રાજીરાજી થઈ ગયા. એમણે તો ઘણાં બધાં શિંગોડાં લીધાં. ચીન્ટુ-મીન્ટુય ખુશ ને શિંગોડુંય ખુશ! ચીન્ટુ-મીન્ટુ ઘરે ગયા અને હોંશેહોંશે શિંગોડાંનો સ્વાદ માણ્યો.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# ધારીના સરસીયા રેન્જમાં ફરજ બજાવતા ફોરેસ્ટ ગાર્ડ પર બે શખ્સોનો હુમલો

**માણાવાવના બે શખ્સોએ માર માર્યાની ફોરેસ્ટ ગાર્ડની કેફીયત**

અમરેલી,તા.૧૦

ધારી ગીર પૂર્વ ડિવિઝન હેઠળ આવતી સરસીયા રેન્જમાં ફરજ બજાવતા પી.એલ. ગોસાઈ નામના ફોરેસ્ટ ગાર્ડને બે શખ્સોએ ઢીકાપાટુનો માર મારી મારી નાખવાની ધમકી



આપી હતી. ફોરેસ્ટ ગાર્ડને માર મારવામાં આવતા તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. ભોગ બનનાર ફોરેસ્ટ ગાર્ડ પી.એલ. ગોસાઈએ જણાવ્યું હતું કે, માણાવાવના બે ઈસમોએ મને રોક્યો અને 'કેમ સામું જો છો અને કેમ નોકરીમાં નથી રાખતો' કહી મને માર માર્યો અને નીચે પછાડી દીધો હતો. મારા અધિકારીને ગાળો આપી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાની જાણ થતા પોલીસ અને વનવિભાગનો સ્ટાફ દોડી ગયો હતો અને ફોરેસ્ટ ગાર્ડને માર મારનાર શખ્સોની ઓળખ મેળવવા પોલીસ પ્રયાસ કરી રહી છે.

# લીલીયા ખારાપાટ વિસ્તારમાં જીપ્સમ ફાળવણી બંધ થતા ખેડૂતોમાં રોષ

લીલીયા, તા.૧૦

લીલીયા તાલુકાના ખારાપાટ વિસ્તારમાં જીપ્સમ ફાળવણી બંધ થવાના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ બાબતે લીલીયા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ જગદીશભાઈ દેથળીયાએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર લખીને આ સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગ કરી છે. દેથળીયાએ પત્રમાં જણાવ્યું છે કે, લીલીયા



તાલુકાના ખારા, સનાળીયા, કલ્યાણપર, કુતાણા, ગુંદરણ, હરીપર, સાજણટીંબા, બોડીયા, ભેંસાણ, હાથીગઢ, ઢાંગલા, ક્રાંકચ સહિતના ગામો ખારાપાટ વિસ્તાર હેઠળ આવે છે. આ વિસ્તારના ખેડૂતો વર્ષોથી પિયત કરવાથી તેમની જમીન ખરાબ થતી અટકાવવા માટે જીપ્સમનો ઉપયોગ કરતા હતા. પરંતુ છેલ્લા પાંચ વર્ષથી ખેતીવાડી વિભાગ દ્વારા જીપ્સમ ફાળવણી બંધ કરવામાં આવી છે. જેના કારણે ખેડૂતોની જમીન ખારી થઈ રહી છે અને ભવિષ્યમાં આ જમીનમાં કંઈ ઉગાડી શકાય તેવી સ્થિતિ નથી. દેથળીયાએ જણાવ્યું કે, જીપ્સમ ફાળવણી બંધ કરવાનું કારણ ખેડૂતોને જણજાવવામાં આવ્યું નથી. તેમણે જિલ્લા વિકાસ અધિકારીને આ બાબતે તાત્કાલિક પગલાં લેવા અને ખેડૂતોને જીપ્સમ ફાળવણી ફરી શરૂ કરવા વિનંતી કરી છે. જો આ સમસ્યાનું નિરાકરણ ન આવ્યું તો ખેડૂતોને આંદોલન કરવાની ફરજ પડશે.

# ધારીના વિસામણભાઈ ઢોલાએ ટીબીની હોસ્પિટલમાં રૂ. એક કરોડનું દાન આપતા સન્માન કરવામાં આવ્યું

ધારી, તા.૧૦

ધારીના પ્રેમપરાના પૂર્વ સરપંચ, ભાજપ અને આહીર સમાજના આગેવાન વિસામણભાઈ ઢોલાએ ટીબીની સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલની નિઃશુલ્ક, આરોગ્યલક્ષી, ઉમદા સેવાકીય કામગીરીથી પ્રભાવિત થઈને રૂ. એક કરોડ જેટલી માતબર રકમ દાનમાં અર્પણ કરી છે. દાન આપવા બદલ વિસામણભાઈ ઢોલાનું ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયા અને ભાજપ પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



આ તકે ધારી તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી, તાલુકા પંચાયતના પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, અતુલભાઈ કાનાણી, હર્ષદભાઈ રાવલ, લાલભાઈ સુખડીયા, ગોવિંદભાઈ પરમાર, જયંતીભાઈ સોલંકીએ ઢોલા પરિવારને અભિનંદન આપ્યા હતા.

# TST પ્રખરતા શોધ કસોટીની પરીક્ષાનું આવેદનપત્ર ભરવાની તારીખ લંબાવાઈ

અમરેલી,તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યોને જણાવવામાં આવે છે કે ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી TST પ્રખરતા શોધ કસોટીની પરીક્ષાના આવેદનપત્રો નિયમિત ફી સાથે ભરવાની અંતિમ તારીખ : ૧૦/૧૨/૨૦૨૪ સુધી હતી જે તારીખ : ૧૩/૧૨/૨૦૨૪ સુધી લંબાવવામાં આવે છે.

બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ તથા ફી ભરવા સંબંધિત સૂચનાઓ ધ્યાને લેવા અનુરોધ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને નિયમિત ફીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

# સા.કુંડલા-અમરેલીમાં મહિલા ઉત્થાન મંડળ દ્વારા તુલસીના રોપાનું વિતરણ

અમરેલી, તા.૧૦

સાવરકુંડલા અને અમરેલીમાં મહિલા ઉત્થાન મંડળ - અમરેલી દ્વારા ૧૫૦૦ જેટલા તુલસીના રોપાનું નિઃશૂલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. કોઈપણ જાતના નાતજાતના ભેદભાવ વિના તમામ લોકોએ શ્રદ્ધાપૂર્વક તુલસીના રોપા મેળવી ધન્યતા અનુભવી હતી. આયુર્વેદમાં અને ઔષધિય ક્ષેત્રે તુલસીની મહત્તા અને શ્રેષ્ઠતા અદ્વિતીય છે. તુલસી આરોગ્યની રક્ષક મહા ઔષધિ છે. જન સામાન્ય સુધી તુલસીની ઉપાયોગિતા અને ઔષધિય ગુણોની



માહિતી પહોચે તે હેતુથી દરેકને ઋષિ પ્રસાદની સાથે તુલસીજીની માહિતી પત્રિકા પણ ભેટ સ્વરૂપ આપવામાં આવી હતી.


**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૧૦૪/૨૦૨૪

**પ્રતિ**
શ્રી કડવીબેન ભગવાનભાઈ ડોડીયા વા/ઓ હાજાભાઈ જાદવ
રહે. આલીદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એમ.આર.ડોડીયા રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, આલીદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના આલીદર ગામના રહીશ શ્રી ભગવાનભાઈ પુંજાભાઈ ડોડીયા તથા શ્રી મુળીબેન ભગવાનભાઈ ડોડીયાની પુત્રી શ્રી રતનબેન ભગવાનભાઈ ડોડીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૯ માં કોડીનાર તાલુકાના આલીદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના આલીદર ગામના સને ૧૯૬૯ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર


# ભેસાણમાં પાટીદાર સમાજનો વિશિષ્ટ સન્માન સમારોહ: ઉદ્યોગ, શિક્ષા અને સેવાને સલામ

ભેસાણ,તા.૧૦

ભેસાણ તાલુકા લેઉવા પટેલ સમાજ અને પાટીદાર કર્મચારી મંડળના સંયુક્ત ઉપક્રમે એક વિશિષ્ટ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારોહ ૧૨ જાન્યુઆરી, રવિવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે યોજાશે. આ સમારોહમાં ભેસાણ તાલુકાના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે. જેમાં ઉદ્યોગ રત્ન, પાટીદાર રત્ન, ગૌસેવા રત્ન અને વિશિષ્ટ મહિલા સેવા સન્માન જેવા વિવિધ એવોર્ડ્સ આપવામાં આવશે. આ ઉપરાંત, ધોરણ ૧૦ અને ૧૨માં ૮૦% ઉપર ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું અને તાલુકાના નવનિયુક્ત કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સુરતના અગ્રણી ઉદ્યોગપતિ અશોકભાઈ મોવલીયા અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેશે. મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસુરિયા, પૂર્વ કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા, વિધાનસભાના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા, ભેસાણ-વિસાવદરના પૂર્વ ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી, કિરીટભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ધોરણ ૧૦ અને ૧૨માં ૮૦% ઉપર ગુણ મેળવનાર વિદ્યાર્થીઓએ સન્માન માટેના ફોર્મ તાલુકા લેઉવા પટેલ સમાજની ઓફિસેથી ભરતભાઈ સાવલિયા પાસેથી મેળવી ૧૫ ડિસેમ્બર સુધીમાં જમા કરાવવાના રહેશે.


**-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૯૫/૨૦૨૪

**પ્રતિ**
શ્રી લાભુબેન ભગવાનભાઈ વંશ
રહે. પણાંદર , તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી, પી.એન.વાજા તથા આર.કે.વૈશ રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પણાંદર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પણાંદર ગામના રહીશ શ્રી ભગવાનભાઈ બચુભાઈ વંશ તથા શ્રી લાભુબેન ભગવાનભાઈ વંશની પુત્રી શ્રી ભાવના ભગવાનભાઈ વંશનો જન્મ તા.૦૫/૦૪/૨૦૦૨ માં કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના પણાંદર ગામના સને ૨૦૦૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૭/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

કોર્ટનો સિક્કો

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર








**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નંબર:૬૧/૨૪ તા.૨૭/૧૧/૨૦૨૪

વિવાદી :- શ્રી શૈલેષભાઈ પરશોતમભાઈ સોલંકી
રહે.દામનગર મો.૯૪૨૭૪૨૯૪૦૮
C/O નવનીતભાઈ એન.મકવાણા, ઠે.ઓફીસ નં.૯, સરદાર કોમ્પલેક્ષ. નગર સેવા સદન સામે, દામનગર મો.૯૪૨૯૪૭૮૧૬૭

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ચીફ ઓફીસરશ્રી દામનગર, નગરપાલિકા કચેરી દામનગર, તા.લાઠી, જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના મોજે.દામનગર ગામના રહીશ આ કામના અરજદારશ્રી ની પુત્રી સુમીતાબેન શૈલેષભાઈ સોલકીનો જન્મ તા.૧૧/૦૫/૧૯૮૮ ના રોજ દામનગર, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમનાં જન્મની નોંધ કરાવેલ ન હોય જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૧/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૧૨/૨૦૨૪ નાં રોજ બપોરના ૩.૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
લાઠી








**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નંબર:૬૭/૨૪ તા.૦૬/૧૨/૨૦૨૪

વિવાદી :- રવજીભાઈ માધાભાઈ સાવલીયા રહે.સુરત ઠે.૨૪-અશ્વિન વિભાગ-૧ ખોડીયાર નગર રોડ, વરાછા રોડ,સુરત મો. ૯૮૭૯૮૯૭૧૩૩
C/O જગદીશ જી.આસોદરીયા, મુ.તાલુકા પંચાયત પાસે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી જિ.અમરેલી મો.૯૮૭૯૧૫૮૭૬૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ. જરખીયા તા.લાઠી, જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના મોજે. જરખીયા ગામનાં રહીશ આ કામનાં અરજદારશ્રી ના પિતા માધાભાઈ જીવાભાઈ સાવલીયાનું મરણ તા.૦૨/૧૦/૨૦૦૦ ના રોજ જરખીયા, તા.લાઠી, જિ.અમરેલી તથા અરજદારશ્રીના માતા પાર્વતીબેન માધાભાઈ સાવલીયાનું મરણ તા.૧૭/૦૫/૨૦૦૧ ના રોજ જરખીયા તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમનાં મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૧/૨૦૨૫ નાં રોજ બપોરના ૩.૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
લાઠી



**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નંબર:૬૮/૨૪ તા.૦૬/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી કિરીટકુમાર ભુરાભાઈ આંબલીયા
રહે.ભીંગરાડ, તા.લાઠી જિ.અમરેલી મો.૮૧૬૦૪૪૧૯૨૦
C/O જગદીશ જી.આસોદરીયા, મુ.તાલુકા પંચાયત પાસે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી જિ.અમરેલી મો.૯૮૭૯૧૫૮૭૬૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ.ભીંગરાડ, તા.લાઠી, જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના મોજે. ભીંગરાડ ગામના રહીશ આ કામના અરજદારશ્રી કિરીટકુમાર ભુરાભાઈ આંબલીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૮ ના રોજ ભીંગરાડ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમનાં મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૩.૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
લાઠી



**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નંબર:૬૫/૨૪ તા.૦૬/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી ભાદાણી રમેશ નંદલાલ
રહે.શેખપીપરીયા, તા.લાઠી જિ.અમરેલી મો.૯૯૭૮૫૩૯૪૦૩
C/O જગદીશ જી.આસોદરીયા, મુ.તાલુકા પંચાયત પાસે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી જિ.અમરેલી મો.૯૮૭૯૧૫૮૭૬૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ.શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના મોજે. શેખપીપરીયા ગામનાં રહીશ આ કામનાં અરજદારશ્રી ભાદાણી રમેશ નંદલાલનો જન્મ તા.૨૫/૦૫/૧૯૭૧ ના રોજ શેખપીપરીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૧/૨૦૨૫ નાં રોજ બપોરના ૩.૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
લાઠી



**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નંબર:૬૬/૨૪ તા.૦૬/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી હંસાબેન કાળુભાઈ જોગાણી ડો/ઓ પાતાભાઈ અરજણભાઈ જોધાણી
રહે.સુરત, ઠે-એ-૨૩૯, ક્રિષ્નાપાર્ક સોસાયટી, સીમાડાગામ, સુરત મો.૯૭૨૭૩૫૪૯૫૭
C/O જગદીશ જી.આસોદરીયા, મુ.તાલુકા પંચાયત પાસે, રેલ્વે સ્ટેશન રોડ, મુ.લાઠી જિ.અમરેલી મો.૯૮૭૯૧૫૮૭૬૨

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી મુ.આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાના મોજે.આંબરડી ગામનાં રહીશ આ કામનાં અરજદારશ્રી હંસાબેન કાળુભાઈ જોગાણી ડો/ઓ પાતાભાઈ અરજણભાઈ જોધાણીનો જન્મ તા.૧૦/૦૮/૧૯૬૮ ના રોજ આંબરડી, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમનાં જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાનાં કામે અત્રેની કોર્ટમાં તા.૨૭/૧૧/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૬/૦૧/૨૦૨૫ નાં રોજ બપોરના ૩.૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ,
લાઠી

ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ નિષ્ક્રીય દેખાતા

# ખ્યાતિ હોસ્પિટલના મોત કાંડમાં કેન્દ્રની ટીમના અમદાવાદમાં ધામા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૦




લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે પરંતુ સૌથી મોટો સવાલ છે કે આરોગ્ય મંત્રી અને આરોગ્ય મંત્રાલયના અધિકારીઓ છે ક્યાં? અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલના મોટા મોટા કાંડ સામે આવી રહ્યાં હોવા છતાં આરોગ્ય વિભાગના પેટનું પાણી હાલતું નથી. ત્યારે આ મામલે ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ નિષ્ક્રીય દેખાતા આ તપાસમાં કેન્દ્ર સરકારની ટીમ કૂદી છે. સવાલ છે કે, ગુજરાતમાં કેમ આવા મોટા કાંડ મામલે સરકાર કંઈ બોલતી નથી અને કંઈ કરતી નથી, જેથી ભારત સરકારને દિલ્હીથી ટીમ મોકલવી પડી. મેડિકલ ચેક-અપ કેમ્પ યોજી દર્દ ન હોય તેવા સાજા નાગરિકોને દર્દી બનાવી, પીએમજેએવાયમાંથી લાખો રૂપિયા ઉલેચવાના કારોબારમાં ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે આટલા મોટા જઘન્ય અપરાધમાં આંતરીક તપાસ ન કરતા છેવટે ભારત સરકારે દિલ્હીથી સેક્રેટરી સહિતની ટીમ ગાંધીનગર મોકલી છે. ઘટનાક્રમ જાણી ભારત સરકારના અધિકારીઓની ટીમ ચોંકી ઉઠી છે.

# રાજયમાં સુસવાટા મારતા પવનથી જનજીવન ઠુંઠવાયુ : ત્રણ દિવસ ભારે ઠંડીની આગાહી

ગાંધીનગર, તા.૧૦



હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા રાજ્યના લોકોને ધ્રુજાવી દેતી ઠંડીની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી ૭૨ કલાક દરમિયાન અનેક જિલ્લાઓમાં ગાત્રો થીજવી દેતી ઠંડીની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા પણ સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની અસર વર્તાવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. આજે સવારથી જ રાજ્યમાં લોકો કાશ્મીર જેવી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. તાપમાનનો પારો એક જ રાતમાં ૧થી ૬ ડિગ્રી ઘટી જતાં લોકો ઠૂંઠવાઈ ગયા છે. રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું ૬.૪ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે. રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન મોટા ભાગનાં શહેરોમાં ૧થી લઈ ૬ ડિગ્રી સુધી તાપમાન ઘટી જતાં જનજીવનને માઠી અસર પડી છે. અચાનક જ આવેલા તાપમાનમાં ઘટાડાના કારણે લોકો ઠંડીથી બચવા માટે ગરમ કપડાં અને તાપણાનો સહારો લેતા જોવા મળી રહ્યા છે.

અંબાલાલ પટેલે ઠંડીની આગાહી કરતાં જણાવ્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે છેલ્લા કેટલાક દિવસોથી ગુજરાતમાં ઠંડીનું જોર ઘટ્યું હતું, પરંતુ હાલમાં ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. હાલમાં ધીમી અસરોથી ઠંડી વધતાં હવે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે.

# ધુળેટીના પર્વને લઈ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૭ માર્ચે પુરી થશે

ગાંધીનગર,તા.૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ (SSC) અને ધોરણ-૧૨ (HSC)ના વિદ્યાર્થીઓની પરીક્ષા આગામી ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫માં લેવાશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩ માર્ચ સુધી ચાલવાની હતી, પરંતુ હોળી-ધુળેટીની રજાને લઈને ૧૩ માર્ચે પૂર્ણ થતી પરીક્ષા હવે ૧૭ માર્ચે પૂર્ણ થશે. બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પણ પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી જ શરૂ થશે. અગાઉ આ પરીક્ષા ૧૩ માર્ચે પૂર્ણ થવાની હતી. પરંતુ હોળી-ધુળેટીની રજાના કારણે ૧૩ માર્ચે પૂર્ણ થનારી પરીક્ષા હવે ૧૭ માર્ચે પૂર્ણ થશે. ભૂગોળની પરીક્ષા અગાઉ જે ૭ માર્ચના યોજાવાની હતી તે હવે ૧૨ માર્ચે યોજાશે.

# અમદાવાદમાં નશો કરવા માટે ઈન્જેક્શનનો ઓવરડોઝ આપતા યુવકનું કરૂણ મોત

અમદાવાદ,તા.૧૦



અમદાવાદના પૂર્વ વિસ્તાર ઈસનપુરમાં ૬ ડિસેમ્બરના દિવસે ઈસનપુર ગાર્ડનમાં ૧૮ વર્ષીય પ્રિન્સ શર્મા, જયદીપ સુથાર અને અન્ય એક મિત્ર એકઠા થયા હતા.

જ્યાં જયદીપ સુથારે પ્રિન્સ શર્માને નશો કરવા માટે મેડાઝોલમ નામનું ઈન્જેક્શન આપ્યું હતું. જેના ઓવરડોઝને કારણે પ્રિન્સ શર્મા બેભાન થયો હતો. જોકે સમગ્ર મામલે ત્યાં હાજર અન્ય એક મિત્ર તરુણ દ્વારા પ્રિન્સના અન્ય મિત્ર રાહુલને જાણ કરી અને રાહુલે પ્રિન્સના પરિવારને જાણ કરી હતી. પ્રિન્સના પરિવારજનો બગીચામાં પહોંચી પ્રિન્સને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા ત્યાં તેનું મોત નિપજ્યું હતું. સમગ્ર મામલે પ્રિન્સની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈન્જેક્શન આપનાર જયદીપ સુથારની રાજસ્થાનથી ધરપકડ કરી છે. પ્રિન્સ દહેગામ ખાતે આવેલી મોનાર્ક યુનિવર્સિટીમાં બી.કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. પ્રિન્સ અમદાવાદમાં તેની માતા અને બહેન સાથે રહેતો હતો.

સંજોગ ન્યૂઝ સાથે ટેલીફોનિક વાતચીત

# અમરેલી જિલ્લામાં લુખ્ખાગીરીને ડામી દેવાશે : એસ.પી. સંજય ખરાત

અમરેલી,તા.૧૦



તાજેતરમાં રાજયના ગૃહ વિભાગ દ્વારા ૨૫ આઈપીએસની બદલીનો ગંજીપો ચીપવામાં આવ્યો છે. જેમાં અમરેલી જિલ્લા પોલીસ વડાની બદલી કરવામાં આવી છે. છેલ્લાં બે વર્ષ કરતા વધારે સમયથી જિલ્લા પોલીસ વડા તરીકે ફરજ બજાવતા હિમકરસિંહને રાજકોટ ગ્રામ્યના જિલ્લા પોલીસ વડા બનાવાયા છે. જયારે અમરેલી જિલ્લાના નવનિયુકત પોલીસ વડા તરીકે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમના વડા સંજય ખરાતને મુકવામાં આવ્યા છે. અમરેલી જિલ્લાના નવનિયુકત પોલીસ વડા સંજય ખરાત સાથે 'સંજોગ ન્યૂઝે' ટેલીફોનિક વાત કરતા આઈપીએસ સંજય ખરાતે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં લુખ્ખાગીરી કરતા તત્વોને ડામી દેવામાં આવશે અને દાદાગીરી કરતા ઈમસો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ખાસ કરીને મહિલા સુરક્ષાને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે. મહારાષ્ટ્રના સોલાપુરના વતની આઈપીએસ સંજય ખરાત અમરેલી જિલ્લામાં વકરી રહેલા દારૂના દુષણને નાબૂદ કરે તેવી પ્રચંડ માંગ જિલ્લામાંથી ઉઠવા પામી છે.

દારૂના દુષણને નાબૂદ કરવા ઉઠતી પ્રચંડ માંગ

# આગામી વર્ષે ગુજરાત કેડરના છ સિનિયર અધિકારીઓ નિવૃત્ત થતાં મોટાપાયે બઢતી અને બદલીની શક્યતાઓ

ગાંધીનગર,તા.૧૦




૨૦૨૫નું વર્ષ ગુજરાત સરકારના વહીવટી તંત્ર માટે મહત્ત્વના ફેરફારોનું વર્ષ સાબિત થઈ શકે છે. કારણ કે, રાજ્યના અગ્ર સચિવ કક્ષાના છ સિનિયર આઈએએસ અધિકારીઓ વય-નિવૃત્તિએ પહોંચશે. આથી, રાજ્યમાં વહીવટની સતત કાર્યક્ષમતા જાળવવા માટે મોટા પાયે બદલી અને બઢતીની કવાયત શરૂ થવાની શક્યતાઓ છે. હાલના મુખ્ય સચિવ રાજકુમાર, જેઓ ૧૯૮૭ બેંચના આઈએએસ અધિકારી છે, જાન્યુઆરી ૨૦૨૫માં નિવૃત્ત થવાના છે. જો તેમને સરકાર દ્વારા કાર્યકાળના વિસ્તારની મંજૂરી ન મળે, તો આગામી મુખ્ય સચિવ તરીકે ૧૯૮૯ બેંચના પંકજ જોશીની ભવિષ્યમાં પદભાર સંભાળવાની સંભાવના છે. તેમ છતાં, પંકજ જોશી ફક્ત ૧૦ મહિના માટે જ આ પદ પર રહી શકશે, કારણ કે તેઓ ઓક્ટોબર ૨૦૨૫માં નિવૃત્ત થવાના છે. ૧૯૮૯ બેંચના અન્ય અધિકારીઓમાં ભારત સરકારમાં કાર્યરત શ્રીનિવાસ, તેમજ હાયર એન્ડ ટેકનિકલ વિભાગના સુનયના તોમરનો સમાવેશ થાય છે.

# પતિ, પત્ની ઔર વો : રાજકોટમાં પત્નીના આડાસંબંધમાં પતિની હત્યા કરાઈ

રાજકોટ,તા.૧૦




રાજકોટ શહેરમાં પતિ, પત્ની ઔર વોના કિસ્સામાં પત્નીના પ્રેમી દ્વારા પતિની હત્યા નિપજાવી દેવાતા ચકચાર મચી છે. શહેરના આજી ડેમ સર્કલ પાસે રહેતા યુવકની સોમવારે રાત્રે લાશ મળી આવ્યા બાદ પોલીસે તપાસ કરતા પત્નીના આડાસંબંધના કારણે યુવકની હત્યા નિપજાવી દેવાઈ હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસે પત્નીના પ્રેમી અને તેના મિત્રની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.




# અમરેલી જિલ્લાના ૪ શહેરોના જળસ્તરમાં નાઈટ્રેટનું પ્રમાણ વધુ

લોકસભામાં રજૂ કરાયેલી માહિતીમાં જાણવા મળ્યુ

અમદાવાદ,તા.૧૦



લોકસભામાં રજૂ કરાયેલાં તાજેતરનાં ડેટાએ સમગ્ર ગુજરાતમાં ભૂગર્ભજળની ગુણવત્તાનાં મુદ્દાઓને ઉજાગર કર્યા છે, જેમાં ૩૩ માંથી ૨૮ જિલ્લાઓમાં ભૂગર્ભજળ ખારાશથી પ્રભાવિત છે. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર બોર્ડનાં ૨૦૨૨-૨૩ ના અહેવાલ પર આધારિત ડેટા દર્શાવે છે કે ૩૦ જિલ્લાઓના ભૂગર્ભજળમાં ઉચ્ચ ફ્લોરાઈડનું સ્તર છે. જ્યારે ૩૨ જિલ્લામાં ભયજનક ઉચ્ચ નાઈટ્રેટ રહેલ છે. ગુજરાત છ ભારતીય રાજ્યોમાં સ્થાન ધરાવે છે જ્યાં ૭૫ ટકાથી વધુ જિલ્લાઓ ત્રણેય પ્રકારનાં ભૂગર્ભજળ દૂષણથી એટલે કે ખારાશ, ફ્લોરાઈડ અને નાઈટ્રેટથી પ્રભાવિત છે. આ રિપોર્ટ દર્શાવે છે કે, લેવામાં આવેલાં નમૂનાઓમાં, ૫૦ ટકામાં ખારાશનું પ્રમાણ વધુ, ૧૮ ટકામાં ખૂબ જ વધારે અને ૭ ટકામાં ખુબ જ ઉચ્ચ પ્રમાણ હતું. રાજ્યના જળ ગુણવત્તા સૂચકાંક મુજબ માત્ર ૧૧ ટકા પાણીનાં નમૂનાઓને "ઉત્તમ" અને ૪૩ ટકાને "સારા" તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યાં છે. નોંધપાત્ર ૪૫ ટકા નમૂના સ્વીકાર્ય ધોરણોથી નીચે આવે છે, જેમાં ૩૦ ટકાને "નબળા", ૯ ટકાને "ખૂબ જ નબળા" તરીકે રેટ કરવામાં આવે છે અને ૬ ટકાને પીવા માટે અયોગ્ય માનવામાં આવે છે. ઉચ્ચ ખારાશ ધરાવતાં વિસ્તારોમાં અમદાવાદમાં વિરમગામ, ભાવનગરમાં સિહોર, જામનગરમાં જોડિયા, જૂનાગઢમાં માંગરોળ અને સુરેન્દ્રનગરમાં લખતરનો સમાવેશ થાય છે. અમદાવાદમાં ધંધુકા, અમરેલીમાં રાજુલા, બાબરા અને બગસરા, આણંદમાં પેટલાદ, ભાવનગરના મહુવા અને ઘોઘા, દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર અને ભાણવડ અને જામનગરના જોડિયા અને કાલાવડ જેવાં વિસ્તારોમાં ભૂગર્ભજળમાં નાઈટ્રેટનું ઊંચું સ્તર જોવા મળ્યું હતું. ભૂગર્ભજળ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સપાટી પરનાં પાણીની ઉપલબ્ધતામાં સુધારો થયો છે.

